dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 245 | AD - 2026, Jeth Vad -11 | Thursday, Dt. 11-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં તમામ મંત્રીઓએ ઊભા થઈને વડા પ્રધાનનું અભિવાદન કર્યો

# નરેન્દ્ર મોદીએ સૌથી વધુ સમય વડાપ્રધાનનો રેકોર્ડ કરતા મંત્રીમંડળે વિશેષ પ્રસ્તાવ પ્રસાર કર્યો

નવી દિલ્હી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપનાર ચૂંટાયેલા વડાપ્રધાન રહેવાનો અભૂતપૂર્વ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ૨૬ મે ૨૦૧૪ના રોજ વડાપ્રધાન પદના શપથ લેનાર નરેન્દ્ર મોદીના કાર્યકાળના આજે ૪,૩૯૯ દિવસ પૂરા થયા છે. તેમણે ૪,૩૯૮ દિવસ સુધી આ પદ પર રહેલા પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુનો રેકોર્ડ તોડ્યો છે. પીએમ તરીકે મોદીનો આ ત્રીજો કાર્યકાળ છે. મોદીની આ ઐતિહાસિક સિધ્ધિ પર કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં તમામ મંત્રીઓએ ઊભા થઈને તાળીઓ પાડી હતી અને એક વિશેષ પ્રસ્તાવ પસાર કર્યો હતો. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયા પછી જવાહરલાલ નેહરુને વડાપ્રધાન નિયુક્ત કરવામાં આવ્યા હતા, જ્યાં તેઓ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭થી ૧૩ મે ૧૯૫૨ સુધી કુલ ૧,૭૩૨ દિવસ પીએમ રહ્યા હતા. ત્યારબાદ ૧૯૫૨માં દેશમાં પ્રથમ સામાન્ય ચૂંટણી થઈ અને કોંગ્રેસ સત્તામાં આવી ત્યારે સંસદીય દળે નેહરુને પોતાના નેતા તરીકે પસંદ કર્યા હતા. નેહરુ ૧૩ મે ૧૯૫૨થી ૨૭ મે ૧૯૬૪ સુધી સતત ચૂંટાયેલા પીએમ રહ્યા હતા અને તેમનો આ ચૂંટાયેલો કાર્યકાળ ૪,૩૯૮ દિવસનો રહ્યો હતો. આ રીતે હવે ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી પૂર્વ પીએમ નેહરુથી આગળ નીકળી ગયા છે.સાંજના સમયે પીએમ મોદીએ ભારત મંડપમમાં દેશભરમાંથી આવેલા એનડીએના નેતાઓ સાથે એક મહત્ત્વપૂર્ણ બેઠક



કરી હતી. આ બેઠકમાં ભાજપ અને એનડીએ શાસિત ૨૨ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. તમામ નેતાઓએ વડાપ્રધાન મોદીને તેમની આ અદ્ભુત સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. બેઠક પૂર્ણ થયા બાદ પીએમ મોદી અને એનડીએના નેતાઓએ ભારત મંડપમમાં સાથે મળીને ઝાલમુરીની મજા માણી હતી. બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ પોતાના હાથે ઝાલમુરી પીરસીને વડાપ્રધાનને આપી હતી.

### અનેક દેશના નેતાઓએ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા

ઇઝરાયલ, ઇથોપિયા અને દક્ષિણ કોરિયા સહિત અનેક દેશના નેતાઓએ વડાપ્રધાન મોદીના સતત સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા વડાપ્રધાન બનવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા. ઇઝરાયલના વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ભારત અને ઇઝરાયલની અનોખી મિત્રતા દર વર્ષે વધુ મજબૂત બની રહી છે. મોદીના નેતૃત્વમાં બંને દેશોની ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની અપેક્ષા છે. દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગે જણાવ્યું કે આ સિધ્ધિ ભારતીય જનતાના મોદીના નેતૃત્વ પરના વિશ્વાસને દર્શાવે છે. ઇથોપિયાના વડાપ્રધાન અબી અહેમદ અલીએ મોદીને અભિનંદન પાઠવતા કહ્યું કે તેમના નેતૃત્વમાં ભારતે ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઝડપી આર્થિક પ્રગતિ અને ગ્લોબલ સાઉથનો મજબૂત અવાજ બનવા જેવા ક્ષેત્રોમાં સિધ્ધિઓ હાંસલ કરી છે.

# મહારાષ્ટ્રમાં RSS મુખ્યાલય અને CMO સહિતની મહત્વની કચેરીઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

મુંબઈ,તા.૧૦

બુધવારે મહારાષ્ટ્રમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્યાલય, મુખ્યમંત્રી કાર્યાલય, મુંબઈ-પુણેના મેયર કાર્યાલયો અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) ભવનને બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળતા સનસનાટી મચી ગઈ હતી. આ તમામ ધમકીભર્યા ઈમેલ પોતાને 'ખાલિસ્તાન નેશનલ આર્મી' ગણાવતા એક કથિત જૂથ દ્વારા મોકલવામાં આવ્યા હતા. આ ઈમેલ મળ્યા બાદ તુરંત જ તંત્ર એક્શનમાં આવ્યું હતું અને સાવચેતીના ભાગરૂપે




ઘણી મહત્વની ઈમારતોને ખાલી કરાવીને સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, રાહતની વાત એ છે કે સમગ્ર તપાસ દરમિયાન અધિકારીઓને ક્યાંયથી પણ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. પીટીઆઈના અહેવાલ મુજબ, નાગપુરના મેયર નીતા ઠાકરેને મળેલા ઈમેલમાં મહાલ સ્થિત RSS મુખ્યાલય અને રેશીમબાગના ડો. હેડગેવાર સ્મૃતિ ભવનમાં વિસ્ફોટકો પ્લાન્ટ કર્યા હોવાનો દાવો કરાયો હતો. માહિતી મળતા જ બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ ની ટીમે સમગ્ર પરિસર અને આસપાસના સંવેદનશીલ વિસ્તારોને તપાસ્યા હતા. બીજી તરફ, મુંબઈ મહાનગરપાલિકા ના સત્તાવાર ઈમેલ આઈડી પર પણ આવા જ ધમકીભર્યા મેસેજ આવ્યા હતા, જેમાં મુંબઈ મેયર કાર્યાલય બહાર આઈઈડી થી સજ્જ કાર વડે વિસ્ફોટ કરવાની અને સીએમઓ સહિતની કચેરીઓને અલગ-અલગ સમયે નિશાન બનાવવાની વાત લખવામાં આવી હતી. આ ઈમેલમાં વિવિધ સંગઠનો વિરુધ્ધ ઉશ્કેરણીજનક લખાણ પણ હતું. હાલમાં સુરક્ષા એજન્સીઓએ સાવચેતીના ભાગરૂપે તમામ સંવેદનશીલ સ્થળોએ બંદોબસ્ત વધારી દીધો છે અને આ ઈમેલ મોકલનાર સ્ત્રોતની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી દીધી છે.

# જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં એલઓસી નજીક બ્લાસ્ટ થતા બે ભારતીય જવાન શહીદ

### સરહદ પર ફરજ દરમિયાન દુર્ઘટના, મહારાષ્ટ્રના બે વીર સપૂતોને દેશની શ્રધ્ધાંજલિ

શ્રીનગર,તા.૧૦

જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં લાઈન ઑફ કન્ટ્રોલ (LoC) નજીક મંગળવારે મોડી સાંજે એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. ઉરીના કમલકોટ વિસ્તારમાં સરહદ પર પોતાની ફરજ બજાવી રહેલા ભારતીય સેનાના બે બહાદુર જવાનો



અચાનક થયેલા એક જોરદાર અને ભયાનક બ્લાસ્ટમાં ગંભીર રીતે ઘાયલ થયા હતા. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે આ વીર જવાનોને બચાવવાના તમામ તબીબી પ્રયાસો નિષ્ફળ નીવડ્યા હતા અને આખરે સારવાર દરમિયાન તેમણે માતૃભૂમિની રક્ષા કાજે પોતાના પ્રાણની આહુતિ આપી દીધી હતી. આ આકસ્મિક ઘટનાને પગલે સમગ્ર દેશ સહિત શહીદ જવાનોના પરિવારોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. માતૃભૂમિની સેવા કરતાં કરતાં પોતાનું સર્વોચ્ચ બલિદાન આપનારા આ બંને વીર જવાનો મહારાષ્ટ્રના વતની હતા. શહીદ થયેલા દેશભક્ત જવાનોની ઓળખ ચૌહાણ વિક્રમ બાલકૃષ્ણ અને અર્જુન જાધવ રાજેન્દ્ર તરીકે કરવામાં આવી છે. દેશના આ સપૂતોમાં વિક્રમ બાલકૃષ્ણ મહારાષ્ટ્રના ઐરોલીના રહેવાસી હતા, જ્યારે અર્જુન જાધવ રાજેન્દ્ર મહારાષ્ટ્રના સતારા જિલ્લાના કરાડ તાલુકાના શાહપુર ગામના વતની હતા.





# પ્રધાનમંત્રી મોદી તા. ૧૩થી ફ્રાન્સ અને સ્લોવાકિયાની મુલાકાત લેશે

નવી દિલ્હી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ થી ૧૮ જૂન, ૨૦૨૬ દરમિયાન ફ્રાન્સ અને સ્લોવાકિયાના મહત્વપૂર્ણ પ્રવાસે જશે. આ દરમિયાન તેઓ ફ્રાન્સના નાઈસ, એવિયન અને પેરિસની મુલાકાત લેશે. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો ઉપરાંત તેઓ એવિયનમાં યોજાનારી જી-૭ સમિટમાં ભાગ લેશે અને ગ્લોબલ સાઉથનો અવાજ રજૂ કરશે. તેઓ 'ઈન્ડિયા ઈનોવેટ્સ' અને યુરોપના સૌથી મોટા ટેક ઈવેન્ટ



'વિવાટેક સમિટ'માં પણ હાજરી આપશે. આ સાથે જ, ૧૯૯૩માં સ્લોવાકિયાની આઝાદી પછી કોઈપણ ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ ઐતિહાસિક મુલાકાત હશે, જ્યાં તેઓ વડાપ્રધાન રોબર્ટ ફિકો સાથે વેપાર, રોકાણ અને રેલ્વે જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરશે.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા.૧૧-૦૬-૨૦૨૬

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનના ૧૨ વર્ષ પૂર્ણ થતા લાઠીમાં ઉજવણી કરાઈ

લાઠી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનના ૧૨ વર્ષ પૂર્ણ થતા લાઠી શહેર ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે લાઠી સ્થિત સ્મશાનભૂમિ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સ્મશાનના સમગ્ર પટાંગણની સફાઈ કરવામાં



આવી હતી અને સ્વચ્છતા અંગે જનજાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.આ સફાઈ અભિયાનમાં સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય જનક તળાવીયા, શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોની સહિત સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકાના સભ્યો તેમજ ભાજપના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ સ્વચ્છતા જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને સમાજને સ્વચ્છતા પ્રત્યે વધુ જાગૃત બનવા અપીલ કરી હતી.કાર્યક્રમ દરમિયાન સૌએ મળીને શ્રમદાન કર્યું હતું.

શહેરમાં પાલિકાનું 'બાવો એક ને વેશ ઝાઝા'જેવો ઘાટ સર્જાયો

# બગસરા જીનપરા પાસે પ્રિ-મોન્સૂનની કામગીરી સામે સવાલો ઉઠ્યા

**યોગ્ય કામ કરાવવાને બદલે સદસ્યોએ ફોટોસેશન કરાવી ચાલતી પકડી**

બગસરા,તા.૧૦

બગસરા પાલિકા ભાજપે કબજો કર્યા બાદ સદસ્યોમાં 'બાવો એક ને વેશ ઝાઝા'જેવો ઘાટ સર્જાયો છે. જેમાં જીનપરા નજીક અમરેલી રોડ પર આવેલા વોકળામાં પ્રિ-મોન્સુન કામગીરી યોગ્ય કરાવવાને બદલે સદસ્યોએ ફોટો સેશન કરાવી ચાલતી પકડતા વોકળાની યોગ્ય સફાઈ થઈ ન હોવાથી સદસ્યોની કામગીરી સામે પૂર્વ સદસ્ય અરવિંદભાઈ નળીયાધરાએ રોષ વ્યકત કર્યો છે. બગસરા પાલિકામાં પ્રિ-મોન્સુનની કામગીરી માટે જેસીબી દ્વારા સફાઈ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતુ. જેથી જીનપરા પાસે અમરેલી રોડ પર જયાં શહેરનું પાણી એકત્ર થાય છે ત્યાં સફાઈ કરવાની કામગીરી થોડા દિવસો પહેલા કરવામાં આવી હતી. સફાઈ કામગીરી શરૂ કરતી વખતે સદસ્યોએ ફોટો સેશન કર્યુ હતુ પરંતુ યોગ્ય સફાઈ કરવામાં આવી નહોતી જેથી પૂર્વ પાલિકા ભાજપ સદસ્ય અરવિંદભાઈ નળીયાધરાએ રોષ સાથે જણાવ્યું હતું કે, સદસ્યોને માત્ર ફોટા પડાવવામાં જ રસ છે. વોકળાની યોગ્ય સફાઈ કરવામાં ન આવતા ચોમાસામાં વરસાદના પાણી ઘરમાં આવે તેવી શકયતા છે. સદસ્યોએ ફોટો સેશન બંધ કરી યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. પ્રિ-મોન્સુનની કામગીરી માટે જેસીબીના કેટલા કલાક નક્કી થયા છે અને અહીં કેટલી કલાકની કામગીરી કરવામાં આવી છે તેની પણ તપાસ કરવાની તાતી જરૂરીયાત હોવાનું અંતમાં અરવિંદભાઈ નળીયાધરાએ જણાવ્યું હતુ.

# સા.કુંડલા પાલિકામાં પર્યાવરણના નામે રૂ. ૨૪ લાખનો ધુમાડો, આરટીઆઈમાં થયો ખુલાસો

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ પાછળ લાખો રૂપિયાનો ધુમાડો કરાયો હોવાનો ચોંકાવનારો ખુલાસો RTIમાં થયો છે. અરજદાર પ્રિયંક પાંધીની માહિતી મુજબ, પાલિકાએ સદભાવના વૃધ્ધાશ્રમના સહયોગથી ૨૦૧૦ વૃક્ષો ટ્રી ગાર્ડ સાથે રોપવા પાછળ રૂ.૨૪,૭૦,૧૪૬/- નો તોતિંગ ખર્ચ કર્યો હતો. આટલા મોટા ખર્ચ પછી વર્તમાનમાં કેટલા વૃક્ષો જીવતા છે કે મોંઘા ટ્રી ગાર્ડ કયાં ગયા, તેનો કોઈ જ સત્તાવાર રેકોર્ડ પાલિકા પાસે નથી. કાપેલા વૃક્ષોના બદલામાં નિયમ મુજબ બમણા વૃક્ષો ક્યાં રોપાયા તેની કોઈ વિગત તંત્ર પાસે ઉપલબ્ધ ન હોવાથી માત્ર કાગળ પર જ જંગલો ઊભા કરી પ્રજાના ટેક્સના નાણાં વેડફાયા હોય તેમ લાગે છે.

આ શંકાસ્પદ વહીવટ સામે ભાવનગર પ્રાદેશિક કમિશનર સમક્ષ અપીલ દાખલ કરાઈ છે.

# રાજુલાના ૧૦૮ના કર્મીઓએ દર્દીનો કિંમતી સામાન પરત કરી પ્રમાણિકતા દાખવી

રાજુલા, તા.૧૦

રાજુલા-ઊના રોડ પર ચારનાળા નજીક મોરી ગ્રુપ પાસે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં દાઢિયાળી ગામના પચાસ વર્ષીય હિંમતભાઈ ગોવાભાઈ સોલંકી ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માતની જાણ થતાં જ નાગેશ્રી ૧૦૮ની ટીમના ઈ.એમ.ટી. રાજુભાઈ બાંભણીયા



તસવીર : ગોપાલ રાઠોડ

અને પાયલોટ બાલુભાઈ ગોહિલ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. તેમણે ઘાયલ દર્દીને પ્રાથમિક સારવાર આપી રાજુલાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. સારવારની સાથે આ ટીમે ઉમદા પ્રામાણિકતા દાખવી દર્દી પાસે રહેલા અંદાજે રૂ. ૭૬,૫૦૦ની રોકડ, કિંમતી મોબાઈલ ફોન અને મહત્વના દસ્તાવેજો જેવા કે એ.ટી.એમ., ક્રેડિટ, આધાર અને પાનકાર્ડ સુરક્ષિત રાખ્યા હતા. ત્યારબાદ હોસ્પિટલ ખાતે દર્દીના સગા અનકભાઈને આ તમામ સામાન સહીસલામત સોંપી દીધો હતો.

# વડિયા લેઉવા પટેલ સમાજની બેઠકમાં લેવાયા મહત્વના નિર્ણયો

વડિયા, તા.૧૦

વડિયા મુકામે લેઉવા પટેલ સમાજની વાડી ખાતે પ્રમુખ કેશુભાઈ ઊંધાડના અધ્યક્ષસ્થાને એક વિશેષ બેઠક મળી હતી, જેમાં સામાજિક હિત અને વિકાસલક્ષી કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે પટેલ વાડીની બાજુમાં રહેતા ઉદારદિલ સખીયા પરિવારે પોતાના વડીલોની પુણ્યસ્મૃતિમાં અંદાજે ૧૫૦ વાર રહેણાંક હેતુની કિંમતી જમીન સમાજને દાન સ્વરૂપે અર્પણ કરવાની જાહેરાત કરી હતી. સખીયા પરિવારના આ પ્રેરણાદાયી અને ભગીરથ કાર્યને સમગ્ર સમાજે હર્ષભેર વધાવી લીધું હતું. ઉપસ્થિત અગ્રણીઓએ પરિવારનો હૃદયપૂર્વક આભાર માની આ જમીનનો ઉપયોગ ભાવિ પેઢીના ઉત્કર્ષ માટે કરવાની ખાતરી આપી હતી. બેઠકના અંતે સમાજના સર્વાંગી વિકાસ માટે સૌ સભ્યોએ એકતા અને પરસ્પર સહકારથી કાર્ય કરવાની મક્કમ પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

ભોગ બનનારના રૂ. ૧૦,૭૭,૪૦૦ ટ્રાન્સફર કરી લીધા હતા

# સાયબર ફ્રોડ આચરનારા રાજસ્થાનના વકીલને અમરેલી સાયબર ક્રાઈમે ઝડપ્યો

**માત્ર બે દિવસમાં બેંક ખાતામાં ૪ કરોડના ટ્રાન્જેક્શન થયા હતા**

અમરેલી,તા.૧૦

સાયબર ક્રાઈમના વધતા જતા ગ્રાફ વચ્ચે અમરેલી સાયબર ક્રાઈમ ટીમને એક મોટી સફળતા મળી છે. રોકાણના નામે લોકો સાથે છેતરપિંડી આચરતી ગેંગના એક મુખ્ય સાગરીત અને વ્યવસાયે વકીલાત કરતા રાજસ્થાનના ઈસમને પોલીસે ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીના બેંક ખાતામાં માત્ર બે જ દિવસની અંદર અંદાજે રૂપિયા ૪ કરોડ જેટલી માતબર રકમના શંકાસ્પદ ટ્રાન્જેક્શન મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ભોગબનાર ફરિયાદના પણ રૂ. ૧૦,૭૭,૪૦૦ ટ્રાન્સફર કરી લીધા હતા. તપાસમાં સામે આવ્યું કે, ભોગ બનનાર વ્યક્તિને એક ચોક્કસ વેબસાઈટ પર યુએસડીટી (ક્રિપ્ટો કરન્સી) નું રોકાણ કરવાથી ખૂબ જ ઊંચું વળતર મળશે તેવી લાલચ આપીને અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ. ૯૨,૭૫,૫૧૪ પડાવી લેવાયા હતા. આ છેતરપિંડીના નાણાં જે ખાતામાં ટ્રાન્સફર થયા હતા તેની ઝીણવટભરી તપાસ કરતા 'નવી ઉડાન ગ્લોબલ ફાઉન્ડેશન' નામનું એક કરંટ એકાઉન્ટ મળી આવ્યું હતું. આ ખાતાના પ્રોપરાઈટર અને મૂળ રાજસ્થાનના વકીલ ગણપત બાબુલાલ પટેલ (ઉંમર વર્ષ ૩૧)ની વિગતો મેળવી પોલીસે તેને દબોચી લીધો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે આરોપીના ખાતાઓ વિરુધ્ધ રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCCRP) પર દેશભરમાંથી કુલ ૨૦ જેટલી ફરિયાદો નોંધાયેલી છે અને તે અગાઉ વર્ષ ૨૦૨૫માં અમદાવાદ સાયબર ક્રાઈમમાં પણ પકડાઈ ચૂક્યો છે. આ સફળ ઓપરેશન અમરેલી સાયબર ક્રાઈમના પી.આઈ. કે.એલ. ખટાણા અને તેમની ટીમ દ્વારા પાર પાડવામાં આવ્યું હતું.

# લાઠીના સરકારી પીપળવા ગામે વાડ ન કરવા સમજાવતાં ગાળો આપી

**જાનથી મારવાની પણ ધમકી**

લાઠી, તા.૧૦

લાઠીના સરકારી પીપળવા ગામે વાડ ન કરવા સમજાવતાં ગાળો આપી હતી, તેમજ જાનથી મારવાની પણ ધમકી આપી હતી. આ બનાવ સંદર્ભે રાકેશભાઈ નાથાભાઈ સોલંકી (ઉ.વ.૩૮)એ ગોવિંદભાઈ વરૂ તથા મામૈયાભાઈ ગોવિંદભાઈ વરૂ સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સરકારી પીપળવા ગામે મફત પ્લોટ વિસ્તારમાં તેમનો ૨૫ વર્ષ જૂનો એક પ્લોટ આવેલો હતો. આ પ્લોટમાં ગોવિંદભાઈ વરૂ તથા તેમના દીકરા મામૈયાભાઈ વરૂ વાડ કરતા હતા. જેથી ફરિયાદીએ તેઓને ત્યાં વાડ ન કરવા સમજાવવા જતાં બંને આરોપીઓને સારું લાગ્યું નહોતું. બંને આરોપીઓએ મળી તેમને જેમ ફાવે તેમ ગાળો આપી હતી, તેમજ ×પ્લોટમાં પગ મૂકીશ તો જાનથી મારી નાખીશ× તેવી ધમકી આપી હતી. અમરેલી એસસી-એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી. આર. મારુ વધુ તપાસ કરી રહ્યા છે.

# કુકાવાવના જંગર ગામે તસ્કરોએ ત્રણ મકાનને નિશાન બનાવતાં ફફડાટ

**ફરજામાં પાર્ક કરેલું બાઈક પણ ઉઠાવી ગયા**

વડિયા, તા. ૧૦

કુકાવાવના જંગર ગામે તસ્કરોએ ત્રણ મકાનને નિશાન બનાવ્યા હતા. ચંદુભાઈ વલ્લભભાઈ વસાણીએ (ઉ.વ. ૬૦) જાહેર કર્યા મુજબ, અજાણ્યા ચોર ઈસમોએ રાત્રિના સમય દરમિયાન તેમના રહેણાંક મકાનના રૂમની, બજાર તરફ પડતી બંધ બારીના દરવાજા તોડ્યા હતા અને બારીમાં રહેલી લોખંડના સળિયાની ગ્રીલને કોઈ ધારદાર હથિયારથી કાપી, બારી વાટે રૂમમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. જે બાદ રૂમની અંદર રહેલા લાકડાના કબાટના દરવાજા ખોલી, કબાટમાં રાખેલી ચાંદીની લક્કી (જેની આશરે કિંમત રૂ. ૨૫૦૦) તથા ચાંદીનું બ્રેસલેટ (જેની આશરે કિ.રૂ. ૨૦૦૦) મળી કુલ રૂ. ૪૫૦૦ની મતાની ચોરી કરી હતી.તેમજ તેમના ભાઈ કનુભાઈ વલ્લભભાઈ વસાણીના બંધ રહેણાંક મકાનની વંડી ટપી, ઘરમાં પ્રવેશ કરી, બંધ રૂમના દરવાજાનો નકુચો તોડી રૂમમાં રહેલો લોખંડનો કબાટ ખોલી સામાન વેરવિખેર કરી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત, પરશોત્તમભાઈ ઉક્કાભાઈ વસાણીના ફરજામાંથી તેમનું મોટર સાયકલ પણ ચોરી કરીને લઈ ગયા હતા.

# જાફરાબાદમાં રાત્રિના સમયે ઘરમાં ઘૂસી પરિણીતાની આબરૂ લૂંટવાના પ્રયાસથી ચકચાર

જાફરાબાદ, તા. ૧૦

જાફરાબાદ શહેરમાં રાત્રિના સમયે ઘરમાં ઘૂસી પરિણીતાની છેડતી કરવાનો અને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવાનો સનસનાટીપૂર્ણ બનાવ સામે આવ્યો હતો. પરિણીતા પોતાના ઘરમાં સૂતી હતી ત્યારે એક શખ્સે ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરી આબરૂ લેવાનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાતાં ચકચાર મચી ગઈ હતી.પરિણીતાએ હનીફભાઈ રફીકભાઈ સૈયદ (ઉ.વ. ૪૨) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પરિણીતા રાત્રિના સમયે પોતાના ઘરના રૂમમાં સૂતી હતી. તે દરમિયાન રાત્રિના આશરે સવા બે વાગ્યાના સુમારે આરોપીએ બદઈરાદા સાથે પરિણીતાના ઘરમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. રૂમમાં પહોંચી આરોપીએ પરિણીતાની આબરૂ લેવાના ઈરાદા સાથે તેનો હાથ પકડી લીધો હતો. અચાનક બનેલી આ ઘટનાથી પરિણીતાએ હિંમત દાખવી તુરંત જ રાડારાડ કરી મૂકી હતી. પરિણીતાની બૂમો સાંભળીને બાજુમાં જ સૂતેલા સાક્ષીઓ અચાનક જાગી ગયા હતા, જેથી ઉશ્કેરાયેલા આરોપીએ પરિણીતાને જેમ ફાવે તેમ ભૂંડી ગાળો આપી હતી તેમજ શરીરે આડેધડ માર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
YJ
યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# ચલાલાની ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં યજ્ઞ અને વિદ્યારંભ સંસ્કાર સાથે નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

ચલાલા, તા.૧૦

ચલાલા સ્થિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં ડૉ. રતિદાદાના આશીર્વાદ સાથે શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭નો ઉત્સાહપૂર્ણ પ્રારંભ થયો છે. શાળાના પ્રથમ દિવસે વૈદિક મંત્રોચ્ચાર, ગાયત્રી મંત્રના જાપ અને યજ્ઞ-પૂજન સાથે વિદ્યાર્થીઓના વિદ્યારંભ સંસ્કાર સંપન્ન કરાયા હતા. નવા પ્રવેશ મેળવનાર



વિદ્યાર્થીઓનું તિલક અને પુષ્પથી ઉષ્માભર્યું સ્વાગત કરી શાળાની પ્રવૃત્તિઓથી પરિચિત કરાયા હતા.આ પ્રસંગે ભારતભૂષણ મહેશભાઈએ વિદ્યાર્થીઓને નિયમિતતા, શિસ્ત અને પરિશ્રમ દ્વારા સફળતા મેળવવાની પ્રેરણા આપી હતી. પ્રથમ દિવસથી જ નિયમિત શિક્ષણકાર્ય શરૂ કરી દેવાયું છે. સંસ્થામાં હાલ LKG થી ધોરણ-૮ (દીકરા-દીકરીઓ બંને) અને ધોરણ-૯ થી ૧૨ (માત્ર દીકરીઓ માટે) પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. રસ ધરાવતા વાલીઓ ગાયત્રી સંસ્કાર ધામ, ચલાલા ખાતે મો. ૯૪૨૭૭ ૪૩૮૧૭ પર સંપર્ક કરી શકે છે.

# બગસરાની બસમાં મુસાફરો પાસેથી વધુ રૂપિયા વસુલાતા હોવાની ફરિયાદ

**સોશિયલ મીડીયાની ફરિયાદને આધારે ડેપો મેનેજર દ્વારા તપાસ શરૂ**

બગસર, તા.૧૦

બગસરાની બસમાં બસ નંબર સાથે સોશિયલ મીડીયામાં શ્રમિક મુસાફરોને સીટ આપવા બાબતે રૂા.૧૦૦ વધારાના વસુલાતા હોવાની ફરિયાદના આધારે ડેપો મેનેજરે આ ઘટનાની તપાસ શરૂ કરી છે. જાણવા મળતી માહિતી મુજબ સોશિયલ મીડિયામાં બગસરાની બસમાં સીટ આપવા બાબતે ફરજ પરના કર્મચારીઓ શ્રમિક મુસાફરો પાસેથી રૂા.૧૦૦ વધારાના લેતા હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. આ ફરિયાદના આધારે ડેપો મેનેજર નિમિષાબા ગઢવી તાત્કાલિક હરકતમાં આવ્યા હતા. આ બસ બગસરા-દાહોદ અને બગસરા-સુરતમાં ચાલતી હોવાથી ક્યાં રૂટમાં વધુ નાણા લેવામાં આવ્યા છે તેનો ઉલ્લેખ નથી. આમ છતાં ડેપો મેનેજરે આ ઘટનાને ગંભીર રીતે લીધી છે અને સુરત અને દાહોદમાં ચાલતા ડ્રાઈવર-કંડકટરને બોલાવી પુછપરછ શરૂ કરવામાં આવી છે. જો આ ફરિયાદને આધારે કોઈ તથ્ય સામે આવશે તો તે કર્મચારી સામે કડક પગલા લેવામાં આવશે તેમ ડેપો મેનેજરે જણાવ્યું હતુ. આમ, બગસરા ડેપોની બસમાં મુસાફરો પાસેથી સીટ પેટે વધુ રૂપિયા લેવાના સોશિયલ મીડીયામાં સમાચાર પ્રકાશિત થતા એસ.ટી.વિભાગમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

# એસટી બસ રૂટનું રાત્રિ રોકાણ લંબાવીને મોટી કુકાવાવ ખાતે કરવા મુસાફરોની માંગ

કુંકાવાવ, તા.૧૦

એસટી નિગમની ગ્રામીણ બસ સેવાઓમાં મુસાફરો અને સ્ટાફની સગવડતા જળવાય તે માટે રૂટ વ્યવસ્થામાં સમયાનુકૂળ ફેરફારો કરવા જરૂરી બને છે, જે અંતર્ગત અમરેલી-બરવાળા બાવીસી બસના રાત્રિ રોકાણના સ્થળમાં ફેરફાર કરવાની લોક માંગ ઉઠી છે. અમરેલી ડેપોની આ બસ હાલ બરવાળા બાવીસી ગામે રાત્રિ રોકાણ કરે છે અને સવારે ૬:૦૦ કલાકે મોટી કુકાવાવ ખાલી ફેરો કરીને આવે છે. જોકે, બરવાળા ખાતે ડ્રાઈવર-કંડક્ટરને આરામની પૂરતી સુવિધા ન હોવાથી તેમણે મંદિરમાં રોકાવું પડે છે. બીજી તરફ, સવારનો ફેરો અનિયમિત રહેતા મોટી કુકાવાવથી બરવાળા બાવીસી જતા મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડે છે. આ બસનું રાત્રિ રોકાણ મોટી કુકાવાવ એસટી બસ સ્ટેશન ખાતે લંબાવવાની માંગ કરાઈ છે.

# અમરેલીના રંગપુર ગામે રક્તપિત્ત દર્દી શોધ અભિયાન અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૦

જિલ્લા આરોગ્ય અધિકારીની સૂચના મુજબ અમરેલીના રંગપુર ગામ ખાતે રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત રક્તપિત્ત દર્દી શોધ અભિયાનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન રંગપુર ગામના લોકોને રક્તપિત્ત રોગ વિશે વિગતવાર આરોગ્ય શિક્ષણ આપવામાં



આવ્યું હતું. લોકોને સમજાવવામાં આવ્યું કે રક્તપિત્ત રોગમાં ચામડી પર સફેદ અથવા લાલ ચટ્ટા પડવા, ચટ્ટા પર સંવેદનામાં ઘટાડો થવો, ત્યાં સોજો કે ખંજવાળ ન આવવી, ચામડી પર ગાંઠ થવી અથવા ચામડી જાડી પડવી તેમજ હાથ-પગમાં નબળાઈ આવવી જેવા લક્ષણો દેખાઈ શકે છે. આ જનજાગૃતિ અને તપાસની કામગીરીને સફળ બનાવવા માટે સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ સપનાબેન રાણવા, ડી. જી. રાજ્યગુરુ, કિરણબેન દુધાત, બિલ્કીસબેન ભટ્ટી અને રંજનબેન રવૈયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ધુનામાં અકસ્માતે પડી જતા મહિલાનું કરૂણ મોત નિપજ્યું

**ખાંભા નજીક ધાતરડી નદીના કાંઠે બનાવ બન્યો**

ખાંભા, તા.૧૦

ખાંભા ગામના પીપળવા રોડ પર આવેલી ધાતરડી નદીના કાંઠે, મધરીયા સીમ વિસ્તારમાં આવેલા 'માં ઓગન'ના ધુનામાં પગ લપસી જતાં ડૂબી જવાથી એક મહિલાનું મોત થયું હતું.

આ અંગે નાનજીભાઈ લાખાભાઈ ટાપણીયા (ઉ.વ.૬૯)એ જાહેર કરેલી વિગત મુજબ, જયાબેન નાનજીભાઈ ટાપણીયા (ઉ.વ.૬૫)નો ઓગનના ધુનામાં અચાનક પગ લપસી ગયો હતો, જેથી તેઓ ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા અને તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

# ચાવંડ ગામે રૂ. ૧૦ લાખ નહીં આપે તો કામ શરૂ નહીં થવા દઈએ કહી ધમકી આપી

લાઠી, તા.૧૦

બાબરામાં રહેતા અને મૂળ જામનગરના જામજોધપુરના વતની યોગેશકુમાર પ્રવિણભાઈ ગાગીયા (ઉં.વ.૨૪)એ ચાવંડમાં રહેતા કાનજીભાઈ જગાભાઈ ડેર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ ફરિયાદીને રૂબરૂમાં તથા તેમની કંપનીના લીગલ એડવાઈઝર એમ.એ. મેમણને ફોન ઉપર પોતાની ઓળખ તાલુકા પંચાયતની સીટના સભ્ય તરીકે આપી હતી. તેમની કંપની 'પ્રોજેક્ટ ટ્વેલ્વ રિન્યુએબલ પાવર પ્રાઈવેટ લીમીટેડ'નો પવનચક્કીના પ્રોજેક્ટ અંગેનું કામ ચાવંડ ગામે શરૂ હતું. તે કામ આરોપી દ્વારા રોકાવીને, કંપનીના મજૂરોની ગેરકાયદે અટકાયત કરવામાં આવી હતી. આરોપીએ "રૂ.૧૦,૦૦,૦૦૦ નહીં આપો તો કામ શરૂ નહીં થવા દઈએ" તેવી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આમ, આરોપીએ ફરિયાદી તથા સાહેદ પાસે ખંડણી પેટે રૂપિયા દસ લાખની માંગણી કરી હતી.

# કુંકાવાવમાં નેશનલ હાઈવેનું કામ ડાઈવર્ઝન વગર શરૂ કરાતા મુશ્કેલી

કુંકાવાવ, તા.૧૦

અમરેલી જિલ્લાના કુંકાવાવ ટાઉન પ્લેસમાંથી પસાર થતા ઉના-રાજકોટ રાષ્ટ્રીય ધોરી માર્ગનું કામ છેલ્લા બે માસથી ડાઈવર્ઝન આપ્યા વગર શરૂ કરાતા સ્થાનિકો અને ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ અગવડતા અંગે પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે, નિયમ મુજબ ડાઈવર્ઝન સિવાય આવા કામો ન કરવાની જોગવાઈ હોવા છતાં આ રોડ પર કામ ચાલુ રખાયું છે. રોડ પર સહકારી સંસ્થાઓ હોવાથી ખાતરની ગાડીઓ આવતા મસમોટી લાઈનો થાય છે અને કલાકો સુધી ટ્રાફિક જામ સર્જાય છે.

આ સમસ્યાના તાત્કાલિક નિવારણ માટે વૈકલ્પિક રસ્તે ડાઈવર્ઝન આપીને કામ આગળ ધપાવવા માંગ કરાઈ છે.

# બાબરાના ગળકોટડી ગામેથી ૪૬૦ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે અલગ-અલગ સ્થળેથી વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. બાબરાના ગળકોટડી ગામેથી ૪૬૦ બોટલ તથા સાવરકુંડલાના મફતપરામાંથી ૪ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. કોઈ અજાણ્યો ઈસમ ગળકોટડી ગામના સીમ વિસ્તારમાં આવેલી વેલાભાઈ મંગાભાઈ શિરોળીયાની વાડી પાસે ખરાબાની જમીનમાં ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂની વિવિધ બ્રાન્ડની કુલ ૪૬૦ બોટલો મૂકીને નાસી ગયો હતો. પોલીસે કુલ કિં.રૂ. ૪૧,૪૦૦નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો.અન્ય એક દરોડામાં સાવરકુંડલાના મફતપરા વિસ્તાર પાસે માતાવાડીના મેદાન પરથી ભાવેશભાઈ સોમાભાઈ દાફડા (ઉ.વ. ૨૬) પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪ બોટલ મળી આવી હતી. આ ઉપરાંત, જિલ્લામાં અન્ય ૭ વ્યક્તિઓ પાસેથી દેશી દારૂ મળી આવ્યો હતો, જ્યારે ૧૭ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપાયા હતા.


ધો. ૧૦ ઉચ્ચ ગ્રેડ - ધો. ૧૧ ફી માફ
A1 - A2 - B1 - ગ્રેડને ધો. ૧૧ સાયંસ 100% - 50% - 25% સ્કૂલ ફી માફ
A1 - A2 - ગ્રેડને ધો. ૧૧ આર્ટસ કોમર્સ 50% - 25% સ્કૂલ ફી માફ
સંકુલમાં પ્રવેશ લેનાર કોઈપણને
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકૂલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી - Ad104







# અવસાન નોંધ

**સાવરકુંડલા**

કાંતિભાઈ વૃજલાલ વસંત (ઉ.વ.૭૦) તે સ્વ નારણદાસ વૃજલાલ વસંતના ભાઈનું તારીખ:૯/૬/૨૬ ને બુધવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનું ઉઠમણું તા.૧૧/૬/૨૬ ને ગુરુવાર ના રોજ ૫:૦૦ થી ૬:૩૦ કલાકે લોહાણ મહાજન વાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

રફીકભાઈ હમદભાઈ રાઠોડ (ઉ.વ.૮૩) તે મહેબુબભાઈ રફીકભાઈ રાઠોડ અને જીભાઈ (દાદભાઈ) રફીકભાઈ રાઠોડના પિતાશ્રીનું તા:૭/૬/૨૬ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનુ બેસણું તા.૧૧/૬/૨૬ ને ગુરુવારના રોજ ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાન મણિનગર મસ્જિત્ત અબુબકર જકરીયા પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

મર્હુમ ઉસ્માનભાઈ જમાલભાઈ હિંગોરા (લક્કી ચશ્મા ઘર) (ઉ.વ.૬૨) તે સરફરાજભાઈ ઉસ્માનભાઈ હિંગોરા અને સુફિયાનભાઇ ઉસ્માનભાઈ હિંગોરાના પિતાશ્રીનું તા:૧૦/૬/૨૬ ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનુ બેસણું તા.૧૧/૬/૨૬ ને ગુરુવાર ના રોજ ૫:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસસ્થાન ગરિયાળાનું નાકુ લીંમડી ચોક સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**રાજકોટ**

સ્વ ખોડાભાઈ વેલાભાઈ ભુવા તા.૦૯-૦૬-૨૦૨૬ને મંગળવારના રોજ દુઃખદ અવસાન પામેલ છે તેમનું બેસણું ૧૧-૦૬-૨૦૨૬ને ગુરુવારે સાંજે ૪થી૬ તેમના નિવાસ સ્થાને હિંમત નગર શીતલ પાર્ક રાજકોટ ભાઈઓ તથા બહેનોનું સાથે રાખેલ છે તેમની પાણી ઢોલ (ઉત્તરક્રિયા) ૨૦-૦૬-૨૦૨૬ને શનિવારના રોજ રાખેલ છે.












**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૯૦/૨૦૨૫

અરજદાર : શ્રી બાંભણીયા રામભાઈ બાલાભાઈ
સરનામુ : મું.ચીત્રાસર, તા.જાફરાબાદ, જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - ચીત્રાસર મું.ચીત્રાસર, તા.જાફરાબાદ જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ** તાલુકાના ચીત્રાસર ગામના શ્રી **બાંભણીયા રામભાઈ બાલાભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી મિતલબેન રામભાઈ બાંભણીયા નો જન્મ** તા.૧૩/૦૮/૨૦૧૮ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.આર.ખસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. જાન્યુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૦૧/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ





### ૩૫ બેંક ખાતાધારકોને શોધી કાઢી તપાસ કરવામાં આવી

# અમરેલી પોલીસે રૂ. ૭૦ કરોડનું ફ્રોડ કરનાર સાયબર ગેંગના પાંચ સાગરીતો ઝડપ્યા







અમરેલી, તા.૧૦

સાયબર ક્રાઈમના ગુનાઓ રોકવા અને વણઉકેલાયેલા કેસોના ગુનેગારોને પકડી પાડવા માટે અમરેલી પોલીસ દ્વારા એક જેમાં દેશભરમાં કરોડો રૂપિયાનું ફ્રોડ કરનાર મ્યુલ એકાઉન્ટ ધારકોનો પર્દાફાશ થયો છે.અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૦૯/૦૬/૨૦૨૬ના રોજ જિલ્લામાં સ્પેશિયલ 'મ્યુલ એકાઉન્ટ વેરિફિકેશન ડ્રાઈવ' યોજવામાં આવી હતી. આ ડ્રાઈવ દરમિયાન સરકારી 'સમન્વય પોર્ટલ' પરથી અમરેલી જિલ્લાના એવા ૩૫ બેંક ખાતાધારકોને શોધી કાઢી તપાસ કરવામાં આવી હતી, જેમની સામે એક કરતાં વધુ સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી હતી.આ ૩૫ ખાતાઓની તપાસ કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. તપાસ દરમિયાન ૧૫ ખાતાધારકો ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા જણાતા તેમની સામે કાયદેસરનો ગુનો દાખલ કરાયો હતો. આ ૧૫ ખાતાધારકો વિરુધ્ધ દેશના અલગ-અલગ રાજ્યોમાં કુલ ૫૪ જેટલી ફરિયાદો નોંધાયેલી હતી. આ તમામ ફરિયાદોનું કુલ છેતરપિંડીની રકમ રૂ. ૭૦,૫૦,૮૦,૨૪૯ થાય છે. આ કરોડો રૂપિયાના ફ્રોડમાંથી રૂ. ૧,૨૬,૬૧,૦૨૯ આ ૧૫ એકાઉન્ટ ધારકોના બેંક ખાતામાં ટ્રાન્સફર થયા હોવાનું સામે આવ્યું હતું.પોલીસે આ ઓપરેશન અંતર્ગત તાત્કાલિક કાર્યવાહી કરીને સાયબર ફ્રોડના નાણાં પોતાના ખાતામાં મેળવનારા ૫ આરોપીઓની ધરપકડ કરી હતી. ભાર્ગવ રાજુભાઈ જોષી (રહે. ૨૪૮, સહજાનંદ પરા-૨, અમરેલી), હિતેશ ભિખુભાઈ વાળા (રહે. માલસિકા, તા. ધારી, જી. અમરેલી), ગોહિલ જેમ્સ સંજયભાઈ (રહે. અમરાપરા, બગસરા), પુજન જિવનભાઈ ધોરીયા (રહે. સ્વામી વિવેકાનંદ સોસાયટી, બગસરા) તથા રાહુલ નથુભાઈ ગમારા (રહે. અમરેલી રોડ, બાબરા)ની ધરપકડ કરી હતી. મામ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી, આ નેટવર્ક પાછળ બીજા કયા મોટા માથાઓ સંડોવાયેલા છે તે દિશામાં અમરેલી સાયબર ક્રાઈમ અને સ્થાનિક પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

**આ રીતે ઉપાડવામાં આવતા રૂપિયા**

આરોપીઓએ સાયબર ફ્રોડના આ તમામ નાણાં કાયદાની નજરમાંથી બચવા માટે આરટીજીએસ, એનઈએફ્ટી, આઈએમપીએસ, યુપીઆઈ, તેમજ એટીએમ જેવા અલગ-અલગ માધ્યમોથી તાત્કાલિક વિડ્રો અથવા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી પોતાના અંગત ઉપયોગમાં લઈ ગુનો આચર્યો હતો.

## ખાંભાના રાયડી ગામના વેપારી સાથે લોનના બહાને મુંબઈગરાએ ઠગાઈ કરી

ખાંભા, તા. ૧૦

ખાંભાના રાયડી ગામના વેપારી સાથે લોનના બહાને મુંબઈના એક શખ્સે ઠગાઈ કરીને રૂ. ૧,૮૪,૦૦૦ની છેતરપિંડી આચરી હતી. આ અંગે જીગ્નેશભાઈ ઉર્ફે જીગો વેણીભાઈ બોરીસાગરે મુંબઈમાં રહેતા આમીર અયુબભાઈ કાચી સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ તેમને ટાટા કેપિટલમાંથી દસ લાખ સુધીની લોન અપાવવાની લાલચ આપી હતી. તેણે અલગ-અલગ તારીખ અને સમયે ફરિયાદી પાસેથી પ્રથમ રૂ. ૧,૩૪,૦૦૦ તેમજ અન્ય રૂ. ૫૦,૦૦૦ મુસ્કાન આમીન કાચી નામની મહિલાના ક્યૂઆર કોડ દ્વારા મેળવ્યા હતા. આમ, કુલ રૂ. ૧,૮૪,૦૦૦ કપટપૂર્વક મેળવી બદદાનતથી છેતરપિંડી આચરી હતી

## અમરેલી એસ.પી. દ્વારા લીલીયા ખાતે અરજદારો સાથે સંવાદ



લીલીયા,તા.૧૦

ભાવનગર રેન્જના અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે વાર્ષિક તપાસણી હાથ ધરવામાં આવી હતી. આ નિરીક્ષણ દરમિયાન પોલીસ સ્ટેશનની કામગીરીની સમીક્ષા કરવાની સાથે લોકાભિમુખ વહીવટને સાર્થક કરતો એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એસ.પી. દ્વારા ૧૦ જેટલા અરજદારો સાથે રૂબરૂ મુલાકાત કરીને તેમની અરજીઓની પ્રગતિ અને પોલીસ કાર્યવાહીની વિગતવાર માહિતી મેળવવામાં આવી હતી. આ સંવાદમાં મુખ્યત્વે અસામાજિક પ્રવૃત્તિઓ, મહિલા સુરક્ષા, જમીન-મકાનના વિવાદો અને પારિવારિક સમસ્યાઓ અંગે ચર્ચા થઈ હતી. તમામ અરજદારોએ પોલીસની તટસ્થ કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. એસ.પી. સંજય ખરાતે અધિકારીઓને નિષ્પક્ષ અને સમયસર તપાસ પૂર્ણ કરવા કડક સૂચનાઓ આપી હતી, જેનાથી પોલીસ અને પ્રજા વચ્ચેનો વિશ્વાસ વધુ સુદ્રઢ બન્યો છે.

## માલસીકા ગામના ખેડૂતને વિશ્વાસમાં લઈ ઠીકરીયા ગામના યુવકે સાયબર ફ્રોડ આચર્યુ

ધારી, તા.૧૦

ધારીના માલસીકા ગામના ખેડૂતને વિશ્વાસમાં લઈ ઠીકરીયા (અમૃતપુર) ગામના યુવકે સાયબર ફ્રોડના બે લાખ રૂપિયા જમા કરાવીને ઉપડાવી લીધા હતા. આ અંગે માલસીકા ગામે રહેતા હિતેષભાઈ ભીખુભાઈ વાળા (ઉ.વ.૩૦)એ ઠીકરીયા (અમૃતપુર) ગામના એજાજભાઈ ઈકબાલભાઈ નહર સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ પ્રમાણે, આરોપીએ ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા અને પોતે સાયબર ફ્રોડના નાણાં હોવાનું જાણતો હોવા છતાં, ખોટું બોલીને તેમના બેંક ખાતામાં રૂ. ૨,૦૦,૦૦૦ જમા કરાવ્યા હતા. ત્યારબાદ તે પૈસા તેમની પાસે ઉપડાવીને મેળવી લીધા હતા અને વિશ્વાસઘાત કર્યો હતો.

## લીખાળામાં યુવતી સહિતની ટોળકીના માનસિક ત્રાસથી પ્રૌઢે વાડીમાં ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલા તાલુકાના લીખાળા ગામે હનીટ્રેપ અને બ્લેકમેલિંગનો એક અત્યંત ચોંકાવનારો અને દર્દનાક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. એક મહિલા સહિતની ટોળકી દ્વારા આચરવામાં આવેલા ગુનાહિત કાવતરા અને આર્થિક તેમજ માનસિક ત્રાસથી કંટાળીને ગામના એક પ્રૌઢે પોતાની જ વાડીમાં લીમડાના ઝાડ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ મામલે મરણજનારના પુત્રએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.હાલ સુરત રહેતા મૂળ લીખાળા ગામના પરેશભાઈ હીમંતભાઈ સુહાગીયા (ઉ.વ.૩૩) એ તેમના જ ગામના રોહીતભાઈ કડવાભાઈ વેકરીયા અને ભોળાભાઈ રામભાઈ સિંધવ,હિના નામની મહિલા અને બે અજાણ્યા પુરૂષો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમના પિતા છેલ્લા એકાદ મહિનાથી એક મોબાઈલ નંબર પર હિના નામની મહિલા સાથે વાતચીત કરતા હતા. આ મહિલા લીખાળા ગામના જ ભોળાભાઈ રામભાઈ સિંધવ નામના શખ્સના સંપર્કમાં હતી. આ ટોળકીએ પ્રૌઢ પાસેથી મોટી રકમ પડાવવાનું ગુનાહિત કાવતરૂં ઘડ્યું હતું.૨૨/૦૫/૨૦૨૬ના રોજ રાત્રિના સમયે હિના નામની મહિલા તેમની વાડીએ આવી હતી. બંને વાડીએ હાજર હતા તે દરમિયાન પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે બે અજાણ્યા પુરુષો ત્યાં ધસી આવ્યા હતા. આ શખ્સોએ તેમના પિતાને ડરાવી-ધમકાવીને રૂ. ૩,૦૦,૦૦૦/- ની માગણી કરી બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન પ્રૌઢની બાજુની વાડી ધરાવતા રોહિતભાઈ કડવાભાઈ વેકરીયા ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે વચેટીયા તરીકે ભૂમિકા ભજવીને રૂ. ૧,૫૦,૦૦૦ માં મામલો થાળે પાડવાનું નક્કી કરાવ્યું હતું. ત્યારબાદ રોહિતભાઈ તેના પિતાને સાથે રાખીને તેમના ઘરે ગયા હતા, જ્યાંથી રોકડા રૂ. ૮૦,૦૦૦ લઈ આવ્યા હતા. રોહિતભાઈએ આ રકમ વાડીએ હાજર હિના અને તેની સાથેના બે અજાણ્યા પુરુષોને અપાવી દીધી હતી અને બાકીના પૈસા સવારે આપવાનું નક્કી કર્યુ હતું.આ ઘટના બાદ આરોપીઓએ તેમના પિતાને યેનકેન પ્રકારે ભારે માનસિક રીતે હેરાન પરેશાન કરવાનું ચાલુ રાખ્યું હતું. બદનામીના ડર અને આરોપીઓના અસહ્ય માનસિક ત્રાસના કારણે અંતે મજબૂર થઈને તેમના પિતાએ પોતાની જ વાડીમાં આવેલા લીમડાના ઝાડ સાથે દોરડા વડે ગળાફાંસો ખાઈ આયખું ટૂંકાવી લીધું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ બી.પી.પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

**મૃતકના પુત્રએ પોલીસ ફરિયાદ નોંધાવી**

## લાઠીના અકાળા ગામે પતિએ પત્નીને લાકડી વડે માર માર્યો

**પત્ની બાબરા મુકામે પતિ અને સાસરિયાંથી અલગ રહેતી હતી**

લાઠી, તા. ૧૦

લાઠીના અકાળા ગામે પતિ અને સાસરિયાંથી અલગ રહેતી પત્ની દીકરાનું ઓળખપત્ર (આધારકાર્ડ) લેવા આવતાં પતિએ લાકડાના બડિયાનો ઘા માર્યો હતો. આ બનાવ સંદર્ભે હાલ બાબરા રહેતાં કિંજલબેન દિનેશભાઈ ચૌહાણ (ઉં.વ. ૨૭) એ અકાળા ગામે રહેતા પતિ દિનેશભાઈ ધીરૂભાઈ ચૌહાણ, સસરા ધીરૂભાઈ મોહનભાઈ ચૌહાણ તથા જેઠ અશોકભાઈ ધીરૂભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેઓ પતિથી અલગ રહેતાં હતાં. પોતાના દીકરાનું ઓળખપત્ર લેવા તેઓ સસરાના ઘરે ગયાં ત્યારે પતિ તેમને ગાળો આપવા લાગ્યો હતો. કિંજલબેને ગાળો બોલવાની ના પાડતાં પતિએ લાકડાના બડીયાનો એક ઘા માથાના ભાગે મારી દીધો હતો, જેને કારણે માથામાં સાતેક જેટલા ટાંકા આવ્યા હતા. આ ઉપરાંત, ધીરૂભાઈ ચૌહાણે લાકડાનો એક ઘા પીઠના (વાસાના) ભાગે મારી મૂઢ ઈજા પહોંચાડી હતી, જ્યારે અશોકભાઈ ચૌહાણે તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારસ
તા.૧૧-૦૬-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૨૨,
સૂર્યાસ્ત-૦૭:૧૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રેવતી

### દૈનિક રાશિફળ

**તા.૧૧-૦૬-૨૦૨૬ ગુરુવાર**

મેષ: તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે. આર્થિક મુશ્કેલીમાંથી તમને રાહત મળશે.

વૃષભ: આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે. તમે તમારી સિધ્ધિઓ પણ જોઈ શકો છો.

મિથુન: તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. કારકિર્દી અને વ્યવસાયની દ્રષ્ટિએ તમને સફળતાનો સ્વાદ મળશે.

કર્ક: ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો.

સિંહ: આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે અને આજે તમારા હાથમાં થોડી તક મળી શકે છે.

કન્યા: આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવ આ સમયે તમારા પર વર્ચસ્વ નાથવા દો.

વૃશ્ચિક: આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. વિવાદિત કિસ્સા સમાપ્ત થશે.

ધન: આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, કારણકે તમે હંમેશા તમારા પરિવારની સુખાકારી માટે પ્રતિબધ્ધછો.

મકર: આજનો દિવસ ઇચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે. વ્યાવસાયિક ચિંતા તમને પરેશાન કરી શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે. જો તમે કોઈ સંશોધન કાર્યમાં સામેલ છો તો તમને ફાયદો થશે.

## લીલીયા તાલુકા ભાજપ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આંગણવાડીમાં વૃક્ષારોપણ કરાયું



લીલીયા,તા.૧૦

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે લીલીયા તાલુકા ભાજપ દ્વારા વિવેકાનંદ સોસાયટીની આંગણવાડી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લા પંચાયતના સદસ્ય જીગ્નેશ સાવજના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે પર્યાવરણ ઉપયોગી વિવિધ છોડનું રોપણ કરવામાં આવ્યું હતું. આ તકે જીગ્નેશભાઈ સાવજે જણાવ્યું હતુ કે, ગ્લોબલ વૉર્મિંગ જેવી વૈશ્વિક સમસ્યાઓ સામે લડવા માટે વૃક્ષો વાવવા અને તેનું જતન કરવું એ આપણા સૌની નૈતિક ફરજ છે, જેનાથી બાળકોમાં બાળપણથી જ પ્રકૃતિ પ્રત્યે પ્રેમ કેળવાશે. કાર્યક્રમમાં માત્ર વૃક્ષારોપણ જ નહીં, પરંતુ છોડ મોટા થાય ત્યાં સુધી તેની સંપૂર્ણ માવજત કરવાનો દ્રઢ સંકલ્પ લેવાયો હતો.

## ધારી તાલુકાના બોરડી ગામની પરિણીતાને સાસરિયાએ પહેરેલા કપડાંએ ઘરેથી કાઢી મૂકી

ધારી, તા.૧૦

ધારીના બોરડી ગામની યુવતીના લગ્ન ધારી મુકામે થયા હતા. લગ્નના થોડા જ દિવસોમાં સાસરિયાઓએ પોતાનો અસલી રંગ બતાવવાનું શરૂ કર્યુ હતું અને પરિણીતાને પહેરેલા કપડાંએ ઘરેથી કાઢી મૂકી હતી. આ અંગે કાજલબેન નાનજીભાઈ બોરીચા (ઉ.વ. ૨૮)એ ધારીમાં રહેતા પતિ પારશભાઈ નાગજીભાઈ દાફડા, સાસુ વિલાશબેન નાગજીભાઈ પરમાર, નણંદ રીનાબેન કૌશિકભાઈ ચૌહાણ અને નણદોયા કૌશિકભાઈ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ પ્રમાણે, લગ્નના છ મહિના બાદ જ પતિ સહિતના સાસરિયાઓએ તેમને શારીરિક-માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું તેમજ એકાદ વર્ષ પહેલાં તેમને ઘરેથી કાઢી મૂકી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ વાળા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલામાં પત્નીના ફોટા પાડવાની ના પાડતા પતિ પર હૂમલો કરાયો

**સાવરકુંડલાના વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલામાં રહેતા એક વેપારીએ 'તમે મારી પત્નીના ફોટા તમારા મોબાઈલમાં કેમ પાડો છો?' તેમ પૂછતાં તેમને ગાળો આપવામાં આવી હતી અને હુમલો કરાયો હતો. આ અંગે હેમાંગભાઈ ચંપકલાલ ગઢીયા (ઉ.વ.૪૯)એ રાજેશભાઈ ઉમીયાશંકર મહેતા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ૧૮/૦૫/૨૬ના રોજ તેઓ રાત્રિના આશરે આઠેક વાગ્યે ધારાસભ્યના ઘરે રાખવામાં આવેલી બેઠકમાં જવા તેમના પત્ની સાથે ઘર પાસે શેરીમાં ઉભા હતા. ત્યારે તેમના પત્નીએ કહ્યું કે, સામે ઉભેલી વ્યક્તિ તેના મોબાઈલમાં મારા ફોટા પાડે છે. જેથી તેઓ આરોપી પાસે ગયા હતા અને કહ્યું કે, 'તમે મારી પત્નીના ફોટા તમારા મોબાઈલમાં કેમ પાડો છો, મને તમારો મોબાઈલ બતાવો.' જે બાબતનું મનદુઃખ રાખી આરોપી રાજેશભાઈએ તેમને ગાળો આપી હતી, તેમજ પથ્થર મારીને તેમના ડાબા ખભાના ભાગે મૂઢમાર મારી ઈજા પહોંચાડી હતી.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કે. ડી. રાઠોડ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીમાં બે તસ્કર મહિલાઓ નજર ચૂકવી દુકાનમાંથી સોનાની બંગડીઓનો સેટ ચોરી રફુચક્કર થઈ ગઈ

અમરેલી, તા.૧૦

અમરેલી શહેરમાંથી ધોળા દિવસે ચોરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. અહીં એક દુકાનમાં ખરીદીના બહાને આવેલી બે અજાણી મહિલાઓએ સાહેદનું ધ્યાન ચૂકવીને લાખો રૂપિયાની કિંમતની સોનાની બંગડીના સેટ પર હાથ સાફ કરી દીધો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. આ અંગે હાર્દિકભાઈ સુરેશભાઈ કાત્રોડીયા (ઉ.વ.૪૫)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની દુકાનમાં બે અજાણી મહિલાઓ ગ્રાહક બનીને આવી હતી.


દુકાનમાં રાખેલા સોનાના દાગીના જોતી વખતે, આ મહિલાઓએ ચાલાકીપૂર્વક ત્યાં હાજર સાહેદનું ધ્યાન ભટકાવ્યું હતું. ટેબલ પર પડેલા સોનાની બંગડીઓના આઠથી નવ સેટમાંથી એક આખો સોનાની બંગડીનો સેટ નજર ચૂકવીને ચોરી લીધો હતો અને ત્યાંથી રફુચક્કર થઈ ગઈ હતી. ચોરી થયેલા સોનાની બંગડીના સેટનું કુલ વજન ૨૧.૦૮૦ ગ્રામ હતું જેની અંદાજિત કિંમત રૂપિયા ૩,૩૫,૦૦૦ જેટલી છે. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ વાય કાઝી વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# પીઓકે ભડકે બળે છે

મધ્યપૂર્વ ફરી એકવાર ગંભીર તણાવના કેન્દ્રમાં આવી ગયો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતી જતી દુશ્મનાવટે સમગ્ર વિશ્વનું ધ્યાન આ વિસ્તારમાં ખેંચ્યું છે. હોર્મુઝની ખાડી નજીક થયેલી સૈન્ય અથડામણો, મિસાઈલ હુમલાઓ અને પ્રતિહુમલાઓએ માત્ર પ્રાદેશિક સુરક્ષા જ નહીં, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર અને ઊર્જા પુરવઠા અંગે પણ ચિંતા ઊભી કરી છે. વિશ્વના અનેક દેશો આ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે, કારણ કે કોઈપણ મોટી સૈન્ય કાર્યવાહીનો પ્રભાવ સમગ્ર વિશ્વ પર પડી શકે છે. તાજેતરમાં હોર્મુઝની ખાડી નજીક અમેરિકાના અદ્યતન AH-૬૪ અપાચે હેલિકોપ્ટર પર હુમલો થવાની ઘટના ચર્ચાનું કેન્દ્ર બની છે. અમેરિકી સૈન્યના જણાવ્યા અનુસાર, હેલિકોપ્ટર નિયમિત પેટ્રોલિંગ દરમિયાન નિશાન બન્યું હતું. હુમલાના કારણે તેને નુકસાન થયું હતું, જોકે તેમાં સવાર બંને પાઈલટોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. આ ઘટનાએ અમેરિકાને ઝડપી પ્રતિસાદ આપવા માટે પ્રેરિત કર્યો હતો. હુમલા બાદ અમેરિકાએ ઈરાન સાથે સંકળાયેલા ગણાતા કેટલાક રડાર સ્ટેશનો, મિસાઈલ લોન્ચિંગ સુવિધાઓ અને અન્ય સૈન્ય મથકોને નિશાન બનાવી કાર્યવાહી હાથ ધરી હતી. અમેરિકાએ આ પગલાને આત્મરક્ષા અને પોતાના સૈનિકોની સુરક્ષા માટે જરૂરી ગણાવ્યું હતું. બીજી તરફ, ઈરાને પણ પોતાના પર થયેલી કાર્યવાહીનો જવાબ આપવાનો અધિકાર હોવાનો દાવો કર્યો હતો. પરિણામે બંને દેશો વચ્ચેનો તણાવ વધુ ઘેરો બન્યો છે. આ સમગ્ર ઘટનાક્રમની સૌથી મોટી અસર વૈશ્વિક ઊર્જા બજાર પર જોવા મળી રહી છે. હોર્મુઝની ખાડી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ પરિવહન માર્ગોમાંથી એક છે. વિશ્વના મોટા પ્રમાણમાં કાચા તેલ અને કુદરતી ગેસનો વેપાર આ માર્ગ દ્વારા થાય છે. જ્યારે પણ આ વિસ્તારમાં તણાવ વધે છે, ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં વધારો જોવા મળે છે. તાજેતરના તણાવને કારણે પણ તેલના ભાવમાં નોંધપાત્ર ઉછાળો નોંધાયો છે. ભારત જેવા દેશો માટે આ સ્થિતિ ખાસ ચિંતાજનક છે. ભારત પોતાની ઊર્જા જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત દ્વારા પૂરો કરે છે. જો મધ્યપૂર્વમાં સંઘર્ષ વધુ લાંબો ચાલે અથવા હોર્મુઝની ખાડીમાં અવરોધ ઊભો થાય, તો પેટ્રોલ, ડીઝલ અને રસોઈ ગેસના ભાવમાં વધારો થઈ શકે છે. તેના કારણે પરિવહન ખર્ચ વધશે, ઉત્પાદન મોંઘું બનશે અને સામાન્ય નાગરિકો પર મોંઘવારીનો વધારાનો બોજ પડશે. નિષ્ણાતોનું માનવું છે કે યુધ્ધની શરૂઆત ઘણીવાર મર્યાદિત કાર્યવાહીથી થાય છે, પરંતુ સમય જતાં તે વિશાળ સ્વરૂપ ધારણ કરી શકે છે. મધ્યપૂર્વમાં વિવિધ દેશો, સશસ્ત્ર જૂથો અને વૈશ્વિક શક્તિઓના હિતો એકબીજા સાથે જોડાયેલા હોવાથી કોઈપણ નાની ઘટના મોટા સંઘર્ષમાં ફેરવાઈ શકે છે. આ કારણે આંતરરાષ્ટ્રીય સમુદાય સતત સંયમ અને સંવાદની અપીલ કરી રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ બંને દેશોને રાજદ્વારી માર્ગ અપનાવવા અનુરોધ કર્યો છે. વિશ્વના ઘણા દેશો માને છે કે સૈન્ય કાર્યવાહી કરતાં વાટાઘાટો અને સંવાદ વધુ અસરકારક ઉકેલ આપી શકે છે. ઈતિહાસ સાબિત કરે છે કે યુધ્ધ ક્યારેય કાયમી શાંતિ લાવી શકતું નથી, જ્યારે રાજદ્વારી પ્રયાસો લાંબા ગાળાની સ્થિરતા સ્થાપિત કરવામાં મદદરૂપ બને છે. વર્તમાન પરિસ્થિતિમાં આશાનું એક કિરણ એ છે કે બંને પક્ષો વચ્ચે હજુ પણ સંવાદના માર્ગ સંપૂર્ણપણે બંધ થયા નથી. વિવિધ રાજદ્વારી માધ્યમો દ્વારા તણાવ ઘટાડવાના પ્રયાસો ચાલુ હોવાનું જણાવવામાં આવે છે. જો આ પ્રયાસો સફળ થશે, તો મધ્યપૂર્વને વધુ મોટા સંઘર્ષમાંથી બચાવી શકાય છે. આજે વિશ્વ પહેલેથી જ અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે.

# સ્વચ્છ હવા અને પાણી માટે નવી ટેકનોલોજી





સુરક્ષિત અને સ્વચ્છ પીવાનું પાણી માનવ જીવન માટે અત્યંત આવશ્યક છે. છતાં આજે વિશ્વભરના લાખો લોકો માટે પાણીનું પ્રદૂષણ એક ગંભીર સમસ્યા બની ગયું છે. ઘણી વખત બહારથી સ્વચ્છ દેખાતું પાણી પણ અનેક પ્રકારની અદ્રશ્ય અશુધ્ધિઓથી ભરેલું હોય છે. ઓગળેલા ક્ષાર, ભારે ધાતુઓ, જંતુનાશકો, ઔદ્યોગિક રસાયણો તેમજ બેક્ટેરિયા અને વાયરસ જેવા સૂક્ષ્મજીવો વિવિધ સ્ત્રોતો મારફતે પાણીમાં ભળી જાય છે. આવા દૂષિત પાણીના સતત ઉપયોગથી અનેક પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યાઓ ઊભી થઈ શકે છે. ભારત જેવા વિકાસશીલ દેશોમાં વસ્તી વધારો, ઔદ્યોગિકીકરણ અને ભૂગર્ભજળના અતિશય ઉપયોગને કારણે પાણીની ગુણવત્તા સતત પ્રભાવિત થઈ રહી છે. ઘણા વિસ્તારોમાં પાણીમાં ફ્લોરાઈડ, આર્સેનિક, નાઈટ્રેટ અને અન્ય હાનિકારક તત્વોનું પ્રમાણ નિર્ધારિત મર્યાદાથી વધારે જોવા મળે છે. પરિણામે લોકોમાં ડાયરિયા, ટાઈફોઈડ, કોલેરા સહિત લાંબા ગાળાના કિડની અને લીવરના રોગોનું જોખમ વધે છે. રિવર્સ ઓસ્મોસિસ, જેને સામાન્ય રીતે RO તરીકે ઓળખવામાં આવે છે, એક અદ્યતન જળ શુધ્ધિકરણ પ્રક્રિયા છે. આ પ્રક્રિયાને સમજવા માટે પ્રથમ 'ઓસ્મોસિસ'ને સમજવું જરૂરી છે. ઓસ્મોસિસ એ કુદરતી પ્રક્રિયા છે, જેમાં પાણી અર્ધપારગમ્ય પટલમાંથી ઓછી સાંદ્રતાવાળા દ્રાવણમાંથી વધુ સાંદ્રતાવાળા દ્રાવણ તરફ ગતિ કરે છે. RO ટેકનોલોજીમાં આ કુદરતી પ્રક્રિયાને વિપરીત દિશામાં કાર્યરત કરવામાં આવે છે. બહારથી દબાણ આપીને દૂષિત પાણીને અર્ધપારગમ્ય પટલમાંથી પસાર કરવામાં આવે છે. આ પટલ માત્ર પાણીના અણુઓને જ પસાર થવા દે છે, જ્યારે ભારે ધાતુઓ, ક્ષાર, નાઈટ્રેટ, ફ્લોરાઈડ, બેક્ટેરિયા અને અન્ય દૂષકોને અટકાવી દે છે. પરિણામે પ્રાપ્ત થતું પાણી વધુ શુધ્ધ અને સુરક્ષિત બને છે. સામાન્ય ફિલ્ટર માત્ર મોટા કણોને દૂર કરી શકે છે, જ્યારે RO ટેકનોલોજી આણ્વિક સ્તરે કાર્ય કરીને પાણીમાં રહેલી સૂક્ષ્મ અશુધ્ધિઓને પણ દૂર કરે છે. તેથી ઉચ્ચ TDS ધરાવતા પાણી માટે RO સૌથી અસરકારક વિકલ્પ માનવામાં આવે છે. ભારતીય ધોરણો (IS ૧૦૫૦૦) અનુસાર પીવાના પાણીમાં કુલ ઓગળેલા ઘન પદાર્થો (TDS)નું પ્રમાણ ૫૦૦ મિલિગ્રામ પ્રતિ લિટર સુધી યોગ્ય ગણવામાં આવે છે. આ મર્યાદાથી વધુ TDS ધરાવતું પાણી લાંબા ગાળે આરોગ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે. ફ્લોરાઈડનું વધારે પ્રમાણ દાંત અને હાડકાંને નુકસાન પહોંચાડી શકે છે. આર્સેનિકના લાંબા ગાળાના સંપર્કથી ત્વચા રોગો અને કેન્સર જેવી ગંભીર બીમારીઓનું જોખમ વધી શકે છે. નાઈટ્રેટયુક્ત પાણી બાળકો માટે ખાસ કરીને જોખમી માનવામાં આવે છે. ઉપરાંત સીસું અને અન્ય ભારે ધાતુઓ મગજ, જ્ઞાનતંતુઓ અને કિડની પર નકારાત્મક અસર કરી શકે છે. દૂષિત પાણીના ટૂંકા ગાળાના પ્રભાવોમાં ડાયરિયા, ઉલટી, પેટમાં દુખાવો અને અન્ય ચેપી રોગોનો સમાવેશ થાય છે.

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

જ્યારે લાંબા ગાળે કિડનીની નિષ્ફળતા, લીવરને નુકસાન અને અન્ય ગંભીર બીમારીઓ સર્જાઈ શકે છે. આ કારણોસર પાણીની ગુણવત્તા જાળવવી અત્યંત જરૂરી બની ગઈ છે. આધુનિક RO વોટર પ્યુરિફાયર બહુ-તબક્કીય શુધ્ધિકરણ પ્રક્રિયા પર આધારિત હોય છે. પ્રથમ તબક્કામાં સેડિમેન્ટ ફિલ્ટર પાણીમાં રહેલી રેતી, માટી, કાટ અને અન્ય મોટા કણોને દૂર કરે છે. બીજા તબક્કામાં પ્રી-કાર્બન ફિલ્ટર ક્લોરિન, જંતુનાશકો અને અન્ય રસાયણોને શોષી લે છે. આ પ્રક્રિયા પાણીની ગંધ અને સ્વાદ સુધારવામાં મદદરૂપ બને છે. ત્રીજો અને સૌથી મહત્વપૂર્ણ તબક્કો RO મેમ્બ્રેનનો હોય છે. અહીં દબાણ દ્વારા પાણીને અર્ધપારગમ્ય પટલમાંથી પસાર કરવામાં આવે છે, જેના પરિણામે ઓગળેલા ક્ષાર, ભારે ધાતુઓ, ફ્લોરાઈડ, નાઈટ્રેટ તેમજ સૂક્ષ્મજીવો દૂર થાય છે. ઘણી આધુનિક સિસ્ટમોમાં મિનરલ કાર્ટ્રિજ અથવા TDS કંટ્રોલર પણ હોય છે, જે જરૂરી ખનિજોને યોગ્ય પ્રમાણમાં પુનઃસ્થાપિત કરે છે. અંતિમ તબક્કામાં પોસ્ટ-કાર્બન ફિલ્ટર પાણીના સ્વાદ અને ગુણવત્તામાં વધુ સુધારો કરે છે. આજે RO ટેકનોલોજીનો ઉપયોગ માત્ર ઘરગથ્થુ સ્તરે જ નહીં પરંતુ હોસ્પિટલો, પ્રયોગશાળાઓ, ફાર્માસ્યુટિકલ ઉદ્યોગો અને ખાદ્ય પ્રક્રિયા એકમોમાં પણ મોટા પાયે થઈ રહ્યો છે. ઉચ્ચ ગુણવત્તાનું શુધ્ધ પાણી ઉપલબ્ધ કરાવવાની તેની ક્ષમતા તેને અત્યંત ઉપયોગી બનાવે છે. ખાસ કરીને બોરવેલના પાણીનો ઉપયોગ કરતા વિસ્તારોમાં RO સિસ્ટમ અત્યંત લાભદાયી સાબિત થાય છે. જ્યાં પાણીમાં ખારાશ અથવા TDSનું પ્રમાણ વધુ હોય ત્યાં RO ટેકનોલોજી અસરકારક રીતે પાણીની ગુણવત્તા સુધારી શકે છે. RO વોટર પ્યુરિફાયરની કિંમત તેની ક્ષમતા, ફિલ્ટરિંગ તબક્કાઓની સંખ્યા, સ્ટોરેજ ક્ષમતા અને વધારાની સુવિધાઓ પર આધાર રાખે છે. શરૂઆતમાં તેનો ખર્ચ સામાન્ય ફિલ્ટરની સરખામણીએ વધુ હોઈ શકે છે, પરંતુ લાંબા ગાળે તે સ્વાસ્થ્ય માટે એક મહત્વપૂર્ણ રોકાણ સાબિત થાય છે. RO સિસ્ટમના ફિલ્ટર અને મેમ્બ્રેન સમયાંતરે બદલવાની જરૂર પડે છે. સામાન્ય રીતે સેડિમેન્ટ અને કાર્બન ફિલ્ટર ૬ થી ૧૨ મહિનામાં બદલવામાં આવે છે, જ્યારે RO મેમ્બ્રેન ૧ થી ૨ વર્ષ સુધી કાર્યક્ષમ રહે છે. નિયમિત જાળવણીથી સિસ્ટમની કાર્યક્ષમતા જળવાઈ રહે છે અને પાણીની ગુણવત્તા પણ ઉત્તમ રહે છે. વધુમાં, RO સિસ્ટમ બોટલબંધ પાણી પરની નિર્ભરતા ઘટાડે છે, જે આર્થિક રીતે ફાયદાકારક અને પર્યાવરણ માટે પણ અનુકૂળ છે. RO સિસ્ટમ ખરીદતા પહેલાં સ્થાનિક પાણીની ગુણવત્તાનું પરીક્ષણ કરાવવું જરૂરી છે. જો પાણીમાં TDSનું પ્રમાણ ૫૦mg/Lથી ઓછું હોય તો UV અથવા UF ટેકનોલોજી પૂરતી હોઈ શકે છે. પરંતુ TDSનું પ્રમાણ વધુ હોય તો RO સિસ્ટમ વધુ યોગ્ય વિકલ્પ બને છે. જો પાણીમાં બેક્ટેરિયા અને વાયરસનું જોખમ વધારે હોય તો UV સુવિધાવાળી RO સિસ્ટમ પસંદ કરવી જોઈએ. ઉપરાંત, સિસ્ટમની જાળવણી, સર્વિસ સપોર્ટ અને પાણી બચાવવાની ક્ષમતાને પણ ધ્યાનમાં લેવી જરૂરી છે. આધુનિક સમયમાં દૂષિત પાણી સામે લડવા માટે રિવર્સ ઓસ્મોસિસ (RO) ટેકનોલોજી એક અસરકારક અને વિશ્વસનીય ઉકેલ બની છે. તે પાણીમાંથી ભારે ધાતુઓ, ઓગળેલા ક્ષાર, જંતુનાશકો અને અન્ય હાનિકારક તત્વોને દૂર કરીને પીવાનું પાણી સુરક્ષિત બનાવે છે. જોકે કોઈપણ ટેકનોલોજીનું સંપૂર્ણ લાભ મેળવવા માટે તેની યોગ્ય પસંદગી અને નિયમિત જાળવણી અનિવાર્ય છે. સ્વચ્છ અને સુરક્ષિત પાણી માત્ર રોગોથી બચવા માટે જ નહીં, પરંતુ તંદુરસ્ત અને ગુણવત્તાયુક્ત જીવન માટે પણ અત્યંત જરૂરી છે. યોગ્ય માહિતી અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા આપણે આપણા પરિવારના સ્વાસ્થ્યનું વધુ સારું રક્ષણ કરી શકીએ છીએ.

**આધુનિક યુગમાં માનવ જીવન માટે સ્વચ્છ હવા અને પીવાનું પાણી એટલું જ જરૂરી બની ગયું છે જેટલો ખોરાક અને આશ્રય. ઝડપી ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ અને વૈશ્વિક આબોહવા પરિવર્તને હવા અને પાણી બંનેની ગુણવત્તાને ગંભીર રીતે અસર કરી છે. તેવા સમય આ ક્ષેત્રમાં જે નવી ટેકનોલોજી આવી છે તેને વિશે જાણવું જરૂરી છે.**

## શબ્દ સંજોગ-૨૨૧૨



**આડી ચાવી :**
(૧) તેજનુ બનેલુ (૩)
(૩) જળવાળુ (૩)
(૬) ડુંગળી (૪)
(૮) ઝેર, વખ (૨)
(૯) ચિત્ર દોરવાની આવડત (૪)
(૧૧) હુકમ, સનદ (૪)
(૧૩) જંગમ, ચલ (૨)
(૧૪) એક ગાયિકાઃ.... મંગેશકર (૨)
(૧૬) આબેહૂબ વર્ણન (૩)
(૧૭) એક ફળ, કોઠું (૨)
(૧૯) ડૂબવાનો અવાજ (૨)
(૨૨) રણકારો થવો તે (૪)
(૨૪) મદારી આનો ખેલ કરાવે છે (અ) (૨)
(૨૬) બાળકોને આ રમવા બહુ ગમે (૪)
(૨૮) આંખની કીકી (૪)
(૨૯) પવન, વાયુ (૨)
(૩૦) રૂપાનું, ધોળાશ પડતુ (૩)
(૩૨) જટામાંસી (૪)
(૩૩) નાની કરવતી (૨)

**ઉભી ચાવી :**
(૧) તેલવાળા રંગથી દોરેલુ ચિત્ર (૪)
(૨) અણીદાર સળી (૩)
(૩) દીવાની જયોત (૨)
(૪) જમીન માપણીનું કામ (૩)
(૫) એક પેટાઋતુ (આ-અ) (૪)
(૭) ઝગઝગતુ, ઉજ્જવળ (૩)
(૮) સાવકી મા (૩)
(૧૦) ચીરો, ડબકો (૩)
(૧૨) લાંબા સમયનું (અ) (૨)
(૧૫) રાવણની બહેન (૩)
(૧૮) પગના પંજા ઠણકે તેવી ચાલ (૩)
(૨૦) દાનત તેવી.... (૪)
(૨૧) ભલે પધાર્યા (૪)
(૨૩) ઉપરાઉપરી અનેક જણ રડે તે (૪)
(૨૪) પાણી ભરનાર સ્ત્રી (૪)
(૨૫) આકારવાળુ (૩)
(૨૭) મોળુ, નરમ (૩)

## શબ્દ સંજોગ-૨૨૧૧ જવાબ

**આડી ચાવીઃ** (૧) ઝામર (૩) આંબેલ (૫) બો (૬) લગ (૭) સગડી (૯) માગરણુ (૧૦) તરત (૧૨) કટી (૧૩) વફાદાર (૧૪) સરકો (૧૬) વશ (૧૭) રબર (૧૯) તપત (૨૧) રગી(ગીર) (૨૨) લત્તો (૨૪) સાંજો (૨૬) સાહસ (૨૮) બરી (૨૯) પથ (૩૦) વજીર. **ઉભી ચાવીઃ** (૧) ઝાલ (૨) મગમાટી (૩) આંગણુ (૪) બેડી (૭) સરદાર (૮) બરદાશ (૧૦) તફાવત (૧૧) તર (૧૨) કટાર (૧૪) સરગી (૧૫) કોતલ (૧૮) બરજોરી (૨૦) પત્તો (૨૩) બેસર (૨૪) સાંબ (૨૫) પંપ (૨૬) સાવ (૨૭) હજી.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૫૦ | ૧૭૯૩ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૧૦૪૦ | ૧૧૫૮ |
| જુવાર લાલ | ૧૦૬૦ | ૧૧૨૫ |
| જુવાર પીળી | ૪૮૦ | ૬૨૫ |
| બાજરી | ૩૫૦ | ૪૭૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૨૯ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૧૭૩ |
| ચણા સફેદ | ૧૧૧૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૬૪૫ |
| મગ | ૧૨૨૧ | ૧૮૨૫ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૧૧૯ |
| ચોળી | ૧૦૦૦ | ૧૪૫૦ |
| વટાણા | ૬૦૦ | ૯૪૯ |
| કળથી | ૨૯૯ | ૩૯૧ |
| રાજમા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| સીંગદાણા | ૧૪૪૦ | ૧૭૬૦ |
| મગફળી જાડી | ૧૨૨૫ | ૧૫૭૫ |
| મગફળી જીણી | ૧૨૮૦ | ૧૭૦૦ |
| તલી | ૧૮૧૦ | ૨૪૩૦ |
| એરંડા | ૧૧૯૫ | ૧૩૨૨ |
| અજમો | ૨૨૬૬ | ૨૫૦૦ |
| સુવા | ૧૨૫૦ | ૧૩૬૮ |
| સોયાબીન | ૧૦૧૧ | ૧૪૯૦ |
| સીંગફાડા | ૧૪૨૦ | ૧૭૨૦ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૬૮૧ |
| લસણ | ૧૧૮૦ | ૨૫૧૦ |
| ધાણા | ૨૧૭૫ | ૨૪૮૧ |
| ધાણી | ૨૨૭૫ | ૨૫૯૮ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૭૯૨ |
| જીરૂ | ૩૨૫૦ | ૩૯૬૦ |
| રાય | ૧૨૭૦ | ૧૬૯૦ |
| મેથી | ૧૧૨૦ | ૧૭૬૦ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૨૦૩૫ |
| અશેરીયો | ૧૦૫૦ | ૧૦૫૦ |
| કલોંજી | ૨૯૫૦ | ૩૪૪૫ |
| રાયડો | ૧૧૬૦ | ૧૪૧૫ |
| રજકાનું બી | ૬૨૦૦ | ૮૪૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૨૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૭૪ | ૫૯૨ |
| લીંબુ | ૭૦૫ | ૧૪૪૮ |
| પપૈયા | ૯૫ | ૧૮૨ |
| બટેટા | ૧૦૪ | ૨૯૩ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૭૧ |
| ટમેટા | ૭૭૫ | ૧૧૮૬ |
| સુરણ | ૭૬૧ | ૯૫૪ |
| કોથમરી | ૬૩૯ | ૯૯૫ |
| રીંગણા | ૧૩૪ | ૨૭૬ |
| કોબીજ | ૧૨૬ | ૨૭૯ |
| ફ્લાવર | ૩૭૮ | ૭૦૨ |
| ભીંડો | ૩૧૧ | ૬૦૩ |
| ગુવાર | ૪૬૮ | ૯૭૭ |
| ચોળાસીંગ | ૫૫૩ | ૧૦૭૨ |
| ટીંડોળા | ૪૬૮ | ૭૯૨ |
| દુધી | ૧૨૨ | ૨૨૭ |
| કારેલા | ૩૭૧ | ૫૫૪ |
| સરગવો | ૩૭૧ | ૮૦૫ |
| તુરીયા | ૪૨૪ | ૭૫૧ |
| પરવર | ૬૦૧ | ૭૧૧ |
| કાકડી | ૪૦૧ | ૮૭૩ |
| ગાજર | ૩૧૮ | ૫૦૨ |
| વટાણા | ૧૦૦૫ | ૧૫૦૫ |
| ગલકા | ૧૮૫ | ૩૭૩ |
| બીટ | ૨૧૯ | ૩૮૪ |
| મેથી | ૮૦૫ | ૧૪૨૪ |
| ડુંગળી લીલી | ૭૦૧ | ૯૭૭ |
| આદુ | ૧૮૮૫ | ૨૧૩૯ |
| મરચા લીલા | ૫૬૯ | ૯૫૯ |
| મકાઇ લીલી | ૨૨૪ | ૪૬૯ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૭૧ | ૧૮૫૬ |
| ઘઉં લોકવન | ૪૬૨ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૬૦૬ |
| મગફળી જીણી | ૧૨૧૧ | ૧૮૦૬ |
| સિંગદાણા જાડા | ૧૭૦૧ | ૧૯૨૧ |
| સિંગ ફાડીયા | ૧૫૦૧ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૩૦૬ |
| તલ કાળા | ૧૯૭૬ | ૩૫૨૬ |
| જીરૂ | ૨૭૫૧ | ૩૯૯૧ |
| કલંજી | ૧૩૦૧ | ૩૩૬૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૬૨૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૫૭૧ |
| ડુંગળી લાલ | ૯૬ | ૪૨૧ |
| અડદ | ૫૦૦ | ૧૬૮૧ |
| તુવેર | ૫૦૦ | ૧૫૨૧ |
| રાયડો | ૧૨૦૧ | ૧૩૩૧ |
| રાય | ૧૪૪૧ | ૧૬૪૧ |
| મેથી | ૯૦૧ | ૧૩૩૧ |
| સુવાદાણા | ૯૫૧ | ૯૫૧ |
| કાંગ | ૩૮૧ | ૫૦૦ |
| સુરજમુખી | ૯૫૧ | ૯૫૧ |
| મગફળી જાડી | ૧૧૭૧ | ૧૬૯૬ |
| સફેદ ચણા | ૧૦૭૧ | ૧૬૮૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૪૫૧ |
| ધાણી | ૧૬૦૧ | ૨૭૭૧ |
| ડુંગળી સફેદ | ૨૨૨ | ૨૨૨ |
| બાજરો | ૨૦૦ | ૪૦૧ |
| જુવાર | ૩૬૧ | ૧૧૨૧ |
| મકાઇ | ૩૦૦ | ૩૦૦ |
| મગ | ૧૧૦૧ | ૧૮૭૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૮૧ |
| વાલ | ૩૩૧ | ૧૧૬૧ |
| ચોળા / ચોળી | ૪૦૧ | ૧૫૪૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૬૩૧ |
| અજમાં | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૫૦૦ | ૮૬૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦૦ | ૧૧૦૦ |
| મરચા | ૩૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૬૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૪૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૪૦ |
| ગાજર | ૨૪૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૮૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૪ | ૮ |
| કોથમીર પુરા | ૩ | ૪ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| પચકારુ | ૩૦૦ | ૪૦૦ |
| alavipan | ૫ | ૧૨ |
| પરવર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| નાળીયેર | ૪૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૯૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૩ | ૭ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૩૫ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૩૬૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૧૦૦ |
| પાલક પુરા | ૩ | ૭ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૩૫૦ | ૧૪૭૦ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| શિંગદાણા | ૧૭૬૫ | ૧૮૭૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૨૦ | ૧૭૭૫ |
| તલ સફેદ | ૧૩૨૫ | ૨૫૯૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૮૦૦ |
| તલ કાશમીરી | ૧૭૪૦ | ૨૩૨૫ |
| બાજરો | ૩૦૦ | ૪૪૦ |
| જુવાર | ૪૨૦ | ૧૦૭૦ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૩૦ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૪૮૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૯૦૦ | ૧૭૧૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| ચણા | ૮૫૫ | ૧૧૬૫ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૧૧૭૦ |
| છોલે ચણા | ૮૦૦ | ૧૧૮૦ |
| તુવેર | ૧૦૭૦ | ૧૪૫૦ |
| કપાસ | ૧૦૮૦ | ૧૭૯૦ |
| એરંડા | ૧૦૪૦ | ૧૨૯૦ |
| જીરૂ | ૨૧૧૦ | ૩૭૦૦ |
| ધાણી | ૧૮૦૦ | ૨૪૬૦ |
| અજમા | ૨૫૧૦ | ૨૬૬૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૯૫ |
| સોયાબીન | ૧૧૯૫ | ૧૪૦૦ |
| વરીયાળી | ૧૩૬૫ | ૧૫૬૦ |
| કાંગ | ૩૧૦ | ૩૧૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૦૦ |
| શકકરીયા | ૬૨૦ | ૭૦૦ |
| ટમેટાં | ૧૦૦૦ | ૧૧૦૦ |
| સુરણ | ૮૩૦ | ૯૨૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૬૫૦ | ૭૨૦ |
| ગલકા | ૩૦૦ | ૩૫૦ |
| કાચી કેરી | ૯૦૦ | ૧૩૦૦ |
| કાકડી | ૪૨૦ | ૫૩૦ |
| ગુવાર | ૭૩૦ | ૧૨૨૦ |
| પાકી કેરી | ૭૦૦ | ૧૨૫૦ |
| વટાણા | ૧૬૨૦ | ૧૭૦૦ |
| ચોળા લીલા | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૫૫૦ |
| આદુ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| કોથમીર | ૫૩૦ | ૬૨૦ |
| મેથીભાજી | ૭૫૦ | ૮૫૦ |
| ફોદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૨૦ |
| સરગવો | ૬૫૦ | ૭૫૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૯૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સુકી | ૨૭૦ | ૫૦૦ |
| લસણ સુકુ | ૧૧૦૦ | ૨૦૫૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૧૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૧૫ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૧૦ |
| શીંગ દાણા | ૧૩૫૦ | ૧૭૫૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૭૨૪ |
| જીરૂ | ૩૧૧૦ | ૩૬૩૦ |
| કપાસ | ૧૫૫૦ | ૧૭૫૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૪૭૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૩૦૦ | ૫૦૫ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૬૫ |
| મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| મગ | ૧૫૫૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૫૬૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૮૦ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૫૦ |
| એરડી | ૧૧૦૦ | ૧૨૬૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| રાય/રાયડો | ૧૨૦૦ | ૧૪૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૦૦૦ | ૧૨૨૫ |
| ઘઉં લોકવન | ૪૪૬ | ૪૫૮ |
| ચણા | ૧૧૨૬ | ૧૧૪૧ |
| તુવેર | ૧૨૧૫ | ૧૩૫૦ |
| ધાણા | ૨૧૧૦ | ૨૧૧૦ |
| મગ | ૧૩૫૦ | ૧૫૯૧ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૧૬૦ |
| બાજરો | ૪૧૦ | ૪૧૦ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| શીંગ ફાડા | ૧૫૫૦ | ૧૬૬૦ |
| મેથી | ૧૧૪૦ | ૧૧૪૦ |
| રાઈ | ૧૦૩૦ | ૧૨૭૫ |
| સોયાબીન | ૧૨૭૫ | ૧૨૭૫ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૦ | ૧૫૭૫ |
| મગફળી | ૯૫૫ | ૧૧૪૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૬૫ |
| મેથી | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ઘઉં ટુકડા | ૪૪૭ | ૪૬૧ |
| તુવેર | ૮૦૫ | ૧૦૦૦ |
| ચણા | ૯૨૦ | ૧૧૪૦ |
| તલ કાળા | ૨૩૧૦ | ૩૨૭૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૩૩૦ |
| જીરૂ | ૨૩૦૫ | ૨૩૦૫ |
| મગ | ૧૫૨૫ | ૧૮૨૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૭૩૫ | ૨૨૮૦ |
| શીંગદાણા | ૧૭૯૦ | ૧૯૫૦ |
| લશણ | ૫૫૦ | ૮૮૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| જુવાર | ૯૦૦ | ૧૧૩૧ |
| શીંગફાડા | ૧૩૩૫ | ૧૫૫૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ સુપર | ૧૬૦૦ | ૧૭૯૬ |
| કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૭૦ | ૧૩૨૦ |
| તલ સફેદ | ૧૪૭૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૨૯૯૦ | ૩૬૦૦ |
| જીરૂ | ૩૦૩૦ | ૩૭૯૦ |
| ચણા | ૧૧૨૮ | ૧૧૬૨ |
| ઘઉ | ૪૭૦ | ૫૧૦ |
| મગ | ૧૨૮૦ | ૧૫૪૦ |
| એરંડા | ૧૧૧૦ | ૧૨૩૦ |
| તુવેર | ૧૧૪૦ | ૧૨૪૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૭૨૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૭૦ |
| મગ | ૧૦૦૧ | ૧૬૦૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૪૧ |
| અડદ | ૪૦૦ | ૪૦૦ |
| તુવેર | ૮૦૧ | ૧૪૫૧ |
| મગફળી | ૭૦૧ | ૧૪૧૧ |
| શીંગદાણા | ૧૫૦૧ | ૧૯૦૧ |
| શીંગફાડા | ૧૩૦૧ | ૧૭૦૧ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૪૪૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૮૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૮૬૬ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૯૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૩૧૬ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ઉનાળુ મગડી | ૧૩૫૦ | ૧૬૧૭ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૨૦૦ | ૧૫૯૦ |
| શીંગ ૩૯ | ૧૧૦૦ | ૧૨૬૨ |
| શીંગ જી-૨૦ | ૧૧૧૧ | ૧૨૭૬ |
| જુવાર | ૪૭૦ | ૧૧૦૩ |
| બાજરી | ૩૫૭ | ૪૯૬ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૫૯ |
| મકાઈ | ૩૫૧ | ૪૦૧ |
| તલ સફેદ | ૧૩૮૦ | ૨૫૭૬ |
| તલ કાળા | ૧૨૦૦ | ૩૬૬૦ |
| ડુંગળી લાલ | ૬૬ | ૪૩૨ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૯૬ |
| કપાસ શંકર | ૧૧૪૫ | ૧૬૫૮ |
| નાળીયેર | ૬૩૫ | ૨૫૦૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૪૮૪ |
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૪૨૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૦ | ૪૭૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૮૫ |
| રાય | ૧૩૧૦ | ૧૬૦૩ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| જુવાર | ૮૦૫ | ૧૧૦૦ |
| મગ | ૧૪૦૦ | ૧૮૫૮ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૪૦ |
| સોયાબીન | ૧૧૮૦ | ૧૩૭૦ |
| કપશી | ૧૨૫૦ | ૨૪૫૦ |
| રજકો | ૩૮૦૦ | ૬૫૦૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૭૮૫ | ૧૧૧૫ |
| બાજરો | ૩૪૦ | ૫૨૫ |
| ઘઉં | ૩૮૦ | ૪૬૪ |
| મગ | ૧૪૧૫ | ૧૬૮૫ |
| તુવેર | ૬૫૦ | ૧૪૩૫ |
| ચોળી | ૯૦૦ | ૧૪૭૫ |
| ચણા | ૯૯૦ | ૧૧૯૨ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૪૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૧૦ |
| એરંડા | ૯૧૫ | ૧૨૬૭ |
| તલ | ૧૫૦૦ | ૨૫૦૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૩૬૦ |
| રાઈ | ૧૩૫૦ | ૧૫૫૦ |
| લસણ | ૮૦૦ | ૧૯૮૦ |
| કપાસ | ૮૦૦ | ૧૭૧૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૧૫ |
| અજમો | ૧૬૦૦ | ૩૧૫૦ |
| અજમાની ભૂસી | ૮૦ | ૨૧૩૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૫૫૦ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૩૦૦ |
| વટાણા | ૪૮૫ | ૮૮૫ |
| કલોંજી | ૧૬૧૦ | ૩૩૦૦ |
| રાજમા | ૧૫૦૦ | ૧૭૪૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૯૫૦ | ૧૨૧૦ |
| તલ સફેદ | ૨૩૨૧ | ૨૫૧૧ |
| તલ કાળા | ૨૬૦૦ | ૩૭૫૦ |
| કપાસ | ૯૫૦ | ૧૭૯૦ |
| બાજરો | ૩૫૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૪૬૫ |
| જુવાર | ૪૫૧ | ૧૧૭૦ |
| મકાઈ | ૩૭૦ | ૩૭૦ |
| મગ | ૧૩૦૧ | ૧૬૫૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૯૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૭૫ |
| ચણા | ૬૦૦ | ૧૧૨૪ |
| એરંડી | ૩૫૦૧ | ૩૫૦૧ |
| ધાણા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૫૩ |
| અજમાં | ૨૦૦૦ | ૨૦૦૦ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**કેન્દ્ર સરકારના વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના સફળ વર્ષોની ઉજવણીના ભાગરૂપે**

# રાજયમંત્રી કૌશિક વેકરીયાએ હાથમાં ઝાડુ લઈ સફાઈ કામગીરી કરી

**સ્વચ્છતા દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે : કૌશિક વેકરીયા**

અમરેલી,તા.૧૦

કેન્દ્ર સરકારના વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના સફળ વર્ષની ઉજવણીના ભાગરૂપે આજે અમરેલી નગરપાલિકા દ્વારા "સ્વચ્છ ગુજરાત, પ્લાસ્ટિક મુક્ત ગુજરાત અભિયાન" અંતર્ગત એક વિશાળ સફાઈ ઝુંબેશ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રશંસનીય કાર્યક્રમનો પ્રારંભ અમરેલીના ધારાસભ્ય અને રાજ્યના કાયદો, ન્યાય, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદહસ્તે સવારે ૭:૦૦ કલાકે શીતલ આઈસ્ક્રીમ સામે, મોટા બસ સ્ટેન્ડ વિસ્તાર ખાતે કરવામાં આવ્યો હતો.આ સ્વચ્છતા અભિયાન અંતર્ગત





અમરેલી એસ.ટી. બસ સ્ટેશન વિસ્તાર, જાહેર મુખ્ય માર્ગો તેમજ વિવિધ સોસાયટીઓની ગલીઓ સહિતના તમામ સાર્વજનિક સ્થળો પર સઘન સાફ-સફાઈ હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત, શહેરમાં સ્થાપિત વિવિધ પૂજનીય મહાનુભાવોની પ્રતિમાઓની પણ આદરપૂર્વક સફાઈ કરવામાં આવી હતી અને પર્યાવરણને સુંદર બનાવવાની પ્રવૃત્તિઓ ઉત્સાહભેર યોજાઈ હતી.ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પોતે હાથમાં ઝાડુ લઈ ઉત્સાહપૂર્વક શ્રમદાન કર્યું હતું અને જિલ્લાના સૌ નાગરિકોને આ સ્વચ્છતા અભિયાનમાં જોડાવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. તેમણે પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, સ્વચ્છતા એ આપણી સામૂહિક જવાબદારી છે અને આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે દરેક નાગરિકે "સ્વચ્છતા હી સેવા" અભિયાનમાં સક્રિયપણે જોડાવા માટે આગળ આવવું જોઈએ.આ પ્રસંગે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના હોદ્દેદારો તેમજ સ્થાનિક અગ્રણીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌ લોકપ્રતિનિધિઓએ સાથે મળીને ઉત્સાહપૂર્વક શ્રમદાન કર્યું હતું અને સમગ્ર જિલ્લામાં સ્વચ્છતા તેમજ પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણનો એક સકારાત્મક અને પ્રેરણાદાયી સંદેશ પ્રસરાવ્યો હતો. આ કાર્યક્રમે સમગ્ર શહેરમાં જાગૃતિ ફેલાવવાનું સફળ કાર્ય કર્યું છે.

# ખનીજ માફિયાઓ સામે વડિયા મામલતદારની લાલ આંખ: બે ઓવરલોડ ડમ્પર ઝડપાયા

વડિયા,તા.૧૦

અમરેલી જિલ્લાના વડિયામાં નવનિયુક્ત મામલતદાર યોગેશ બારડની કડક કાર્યવાહીથી ખનીજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. વડિયાની મુખ્ય બજારમાંથી માતેલા સાંઢની જેમ પસાર થતા બે ઓવરલોડેડ ડમ્પરોને મામલતદારે જાતે રોક્યા હતા. તપાસ દરમિયાન તેમની પાસે





રોયલ્ટી પાસ ન હોવાનું અને વાહનો ઓવરલોડેડ હોવાનું ખૂલ્યું હતું.આ કાર્યવાહીમાં સિલિકોન રેતી ભરેલા ડમ્પર સહિત રૂ. ૩૫,૧૭,૧૦૦ અને સ્ટોન રેતી ભરેલા બીજા ડમ્પર સહિત રૂ. ૯,૫૬,૧૧૦ મળીને કુલ રૂ. ૪૪,૭૩,૨૧૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ તમામ જથ્થો હાલ પોલીસને સોંપીને આગળની દંડનીય કાર્યવાહી માટે ખાણ-ખનીજ વિભાગને લેખિત જાણ કરવામાં આવી છે. મામલતદારની આ સપાટાબંધીથી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા તત્વોમાં ભારે ફફડાટ છે.

# અમરેલીના નવા ખીજડીયા ગામે પૂર્વ સરપંચોની કામગીરી બાબતે તપાસની માંગ કરતા નિકુંજ માંડણકા

અમરેલી,તા.૧૦

અમરેલી તાલુકાના નવા ખીજડીયા ગામના વિકાસ કામોમાં મોટા પાયે નાણાકીય અનિયમિતતાઓ થઈ હોવાના આક્ષેપ સાથે ગુજરાત તકેદારી આયોગને લેખિત રજૂઆત કરવામાં આવી છે. અમરેલી તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન નિકુલકુમાર રમેશભાઈ માંડણકાએ વર્ષ ૨૦૦૨ થી ૨૦૨૫ સુધીના પૂર્વ સરપંચો, વર્તમાન સરપંચ અને વહીવટદારના કાર્યકાળ દરમિયાન થયેલા કામોની ઉચ્ચસ્તરીય વિજિલન્સ તપાસની માંગ કરી છે. અરજદારના જણાવ્યા મુજબ, ખાસ કરીને વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૧ દરમિયાન વોટરશેડ યોજના, ગૌચર ભૂમિમાં તળાવો, નાળા અને બંધારાના નિર્માણમાં વ્યાપક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની પ્રબળ આશંકા છે. આ તમામ કામોનું ટેકનિકલ ઓડિટ અને સ્થળ તપાસ કરવી અનિવાર્ય છે. ભૂતકાળના પૂર્વ શાસકો વર્તમાન સમયમાં થઈ રહેલા નિયમાનુસાર વિકાસ કાર્યોને રોકવા માટે તંત્રને ખોટી અને આધારવિહોણી ફરિયાદો કરીને ગેરમાર્ગે દોરી રહ્યા છે. આ પધ્ધતિસરના ષડયંત્રના કારણે સરકારી સમય વેડફાય છે અને ગામની શાંતિ ડહોળાઈ રહી છે. આ મામલે સ્પેશિયલ ઈન્કવાયરી ટીમ નિયુક્ત કરી 'દૂધનું દૂધ અને પાણીનું પાણી' કરવામાં આવે તેવી ઉગ્ર અપીલ સાથે વિકાસ કમિશનર, કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીને પણ રજૂઆત કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

# ઉનાની કન્યા શાળામાં તોડફોડ કરનાર કુમાર શાળાના બાળકો CCTVમાં કેદ

ઉના,તા.૧૦

ઊના તાલુકાના મોટા ડેસર ગામની કન્યા પ્રાથમિક શાળામાં ઉનાળુ વેકેશન દરમિયાન થયેલી તોડફોડની ઘટના સામે આવી છે. ૨૭ મેના રોજ કેટલાક બાળકો દીવાલ કૂદીને શાળામાં પ્રવેશ્યા હતા અને સામગ્રી વેરવિખેર કરી નુકસાન પહોંચાડ્યું હતું. શાળા ખૂલતા વર્ગખંડોમાં નુકસાન અને બે CCTV કેમેરા ગુમ જણાતાં પ્રથમ દ્રષ્ટિએ ચોરીની આશંકા હતી, પરંતુ CCTV ફૂટેજ તપાસતા મોટા ડેસર કુમાર શાળાના સગીર વયના બાળકો તોડફોડ કરતા હોવાનું ખૂલ્યું હતું. ઊના તાલુકા શિક્ષણાધિકારી હસમુખભાઈ વાઢેરે સ્પષ્ટ કર્યું કે આ ચોરી નથી, પણ બાળકોએ રમત-રમતમાં નુકસાન કર્યું છે. બાળકો સગીર હોવાથી આચાર્યએ પોલીસમાં અરજી કરી છે, અને પોલીસે તપાસ કરી ગુમ થયેલા કેમેરા કબજે કર્યા છે.

# ઉનાના ગરાળ ગામે દીપડાએ ૧૦૩ વર્ષના વૃધ્ધા પર હુમલો કર્યો

ઉના,તા.૧૦

ઉના તાલુકાના ગરાળ ગામે વાડી વિસ્તારમાં એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં રાત્રિના સમયે ઘરનો દરવાજો ખુલ્લો રાખીને સૂતેલા ૧૦૩ વર્ષીય વૃધ્ધા ભાનુબેન નથુભાઈ જેઠવા પર એક હિંસક દીપડાએ જીવલેણ હુમલો કર્યો હતો. દીપડો અચાનક ઘરમાં ઘૂસી આવ્યો હતો અને તેણે ભાનુબેનના માથા તેમજ મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. વૃધ્ધાની ચીસાચીસ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો તરત જ ત્યાં દોડી આવ્યા હતા,



જેથી લોકોને જોઈને દીપડો ભાનુબેનને લોહી લુહાણ હાલતમાં છોડીને નાસી છૂટ્યો હતો. ત્યારબાદ ગ્રામજનોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસને જાણ કરીને ઘાયલ વૃધ્ધાને સારવાર માટે ઉનાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આ હુમલામાં ભાનુબેનને માથા અને મોઢા પર ગંભીર ઈજાઓ થઈ હોવાથી તબીબોએ ૭૦થી વધુ ટાંકા લીધા હતા. જોકે, તેમની તબિયત વધુ નાજુક જણાતા તેમને તાત્કાલિક વધુ ગંભીર સારવાર અર્થે જૂનાગઢ રિફર કરવામાં આવ્યા છે. આ ઘટનાના પગલે સમગ્ર ઉના પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાના વધતા ત્રાસને લઈને ભારે ફફડાટ અને ભયનો માહોલ વ્યાપી ગયો છે.

# દામનગરને લાંબા અંતરની એસ.ટી. બસ ફાળવવા મુસાફરોની માગણી

દામનગર,તા.૧૦

દામનગરમાં અંદાજે રૂ. ૯૦ લાખનાં ખર્ચે તૈયાર કરાયેલ એસ.ટી. બસ સ્ટેશનથી મુસાફર વર્ગમાં ખુશી છે. પરંતુ દામનગરને લાંબા અંતરની એસ.ટી. બસ ફાળવવા મુસાફરો માગણી કરી રહ્યા છે. અગાઉ સારી આવક ધરાવતા રૂટ હતા તેને કોઈને કોઈ બહાના બતાવી બંધ કરી દીધા છે. દામનગર તાલુકા કક્ષાનું શહેર હોવાથી લાંબા અંતરની બસ સેવા ન મળવાથી મુસાફરો આર્થિક નુકસાન થતું હોય છે. અહીંથી સુરત તરફનો ટ્રાફિક ખૂબજ રહેતો હોવા છતાં દિવસમાં માત્ર એક જ બસનો લાભ મળે છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર, કોડીનાર, મેઘરજ, મહેસાણા, મોઢેરા, પાટણ, દીવ, ગાંધીનગર વગેરે શહેરોમાં જવા માટે એક પણ બસ ન હોવાથી પ્રવાસીઓને ના છુટકે ખાનગી વાહનોમાં અથવા બસ બદલાવીને જવું પડે છે. આથી તેમનો સમય બગડે છે અને આર્થિક બોજ પણ વધી જાય છે.

# સાવરકુંડલામાં મહેશ કસવાળાએ શ્રમદાન કરી સ્વચ્છતા અંગે જન જાગૃતિ ફેલાવી

અમરેલી,તા.૧૦

સાવરકુંડલા શહેર ભાજપ પરિવાર દ્વારા મેગા સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ઉપસ્થિત રહ્યા હતા. અભિયાન દરમિયાન ભાજપના આગેવાનો, કાર્યકરો અને સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શહેરના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા માટે શ્રમદાન કર્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ સ્વચ્છ ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો અને સ્વચ્છતા અંગે



જનજાગૃતિ ફેલાવવાનો હતો. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા, શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ, નગરપાલિકાના ચીફ ઓફિસર, સભ્યો તથા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજીના પાટણવાવમાં બાળકીઓ સાથે શારીરિક અડપલાં કરનાર શિક્ષક સામે ફરીયાદ

ધોરાજી,તા.૧૦


ધોરાજી તાલુકાના પાટણવાવ પોલીસ મથકનાં સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ, પાટણવાવ પોલીસ મથક વિસ્તારમાં આવતા ઉપલેટા તાલુકાના કૂઢેચ ગામની પોલીસ ફરિયાદ નોધાઈ છે.

જેમાં જણાવાયું છે કે, કૂઢેચ ગામની પ્રાથમિક શાળાના શિક્ષક દેવાણદ ગોવિંદભાઈએ સ્કૂલની નાની બાળકીઓ સાથે શારીરિક અડપલાં કરીને વિકૃત કાર્ય કર્યું છે. આ અંગે વાલીઓને જાણ થતાં તેમણે પોલીસ મથકમાં આરોપી શિક્ષક વિરુધ્ધ ફરીયાદ નોંધાવી છે. પોલીસે બી.એન. એસ એકટ કલમ ૭૫/૨, ૩૫૧/૨,૬૪/૨,૬૫/૨, પોકસો કલમ ૬/૮/૧૦/૧૮ મુજબ ગૂનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં આઠ મહિનાથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

સાવરકુંડલા,તા.૧૦

ભાવનગર અને અમરેલી પોલીસ વિભાગ દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નાસતા ફરતા ગુનેગારોને પકડવાની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પોલીસ ઈન્સપેક્ટર સી.પી. વાઘેલાની ટીમ દ્વારા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન એક્ટના ગુનામાં છેલ્લા આઠ મહિનાથી ફરાર લિસ્ટેડ આરોપી શિવરાજ



ઉર્ફે શિવભાઈ કનુભાઈ ધાખડા (રહે. વડ, તા. રાજુલા)ને બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે ઝડપી લેવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે સાવરકુંડલા રૂરલ પોલીસને સોંપવામાં આવ્યો છે.

# વરસાદની આગાહી વચ્ચે અમરેલીમાં ભારે ગરમી

અમરેલી,તા.૧૦

રાજયમાં હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે પરંતુ અમરેલી શહેરમાં તાપમાનનો પારો ઉંચો હોવાથી લોકો ભારે ગરમીનો સામનો કરી રહ્યાં છે. બપોરના સમયે લૂ ફેંકાતી હોવાથી શહેરના રસ્તાઓ પર કુદરતી કર્ફ્યુ લાગી જાય છે.


## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.૧૫૨/૨૦૨૬

પ્રતિ,
શ્રી પુનાભાઈ રણશીભાઈ સોલંકી,
રહે.સોખડા, ગામ-સોખડા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.આર.કીડેચા તથા જે.આર.કોટડીયા, સીલ્વર કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડ રોડ,
જલારામ રેસ્ટોરન્ટ પાસે, ઉના ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, સોખડા,તા.ઉના, જિ.ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના સોખડા ગામના રહીશ પુનાભાઈ રણશીભાઈ સોલંકી તથા અજાયબેન પુનાભાઈ સોલંકીના પુત્ર ભગવાનભાઈ પુનાભાઈ સોલંકીનો જન્મ તા.01/06/1989 ના રોજ ઉના તાલુકાના સોખડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત, સોખડા, તાલુકો-ઉના સને-૧૯૮૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૪/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ઉના


# જાફરાબાદમાં રૂ. ૪ કરોડના અંડરગ્રાઉન્ડ કેબલ પ્રોજેક્ટનું હીરાભાઈ સોલંકીએ ખાતમુહૂર્ત કર્યુ

જાફરાબાદ,તા.૧૦

જાફરાબાદમાં પીજીવીસીએલ દ્વારા અંદાજે રૂ. ૪ કરોડના ખર્ચે બે મહત્વપૂર્ણ અંડરગ્રાઉન્ડ કેબલ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટનો પ્રારંભ જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે કરવામાં આવ્યો હતો. યોજનાના ભાગરૂપે પીપળીકાંઠા સિટી ફીડર અને જીએચસીએલ સિટી ફીડર માટે અંડરગ્રાઉન્ડ કેબલ



નાખવાની કામગીરી હાથ ધરવામાં આવશે. પીપળીકાંઠા ફીડરમાં ૬.૪ કિલોમીટર અને જીએચસીએલ ફીડરમાં ૧૮.૨ કિલોમીટર લાંબા કેબલનું કામ મંજૂર કરવામાં આવ્યું છે. જીએચસીએલ સિટી ફીડરનું કામ મીતીયાળા સબસ્ટેશનથી જાફરાબાદના વાપળીયા સુધી કરવામાં આવશે, જ્યારે પીપળીકાંઠા ફીડરનું કામ મીતીયાળા સબસ્ટેશનથી સામા કાંઠા વિસ્તાર સુધી થશે. ટીબી યાર્ડ ખાતે યોજાયેલા સમારોહમાં સ્થાનિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સરપંચો અને ભાજપના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેક્ટથી વિસ્તારમાં વધુ વિશ્વસનીય અને સુવ્યવસ્થિત વીજ પુરવઠો ઉપલબ્ધ બનશે.


## જાહેર ખબર

અમરેલી તાલુકા હેલ્થ કચેરીનાં તાબાના વિસ્તારમાં નોંધાયેલ સગર્ભા માતાને સગર્ભાવસ્થા દરમ્યાન સોનોગ્રાફી તથા જરૂરિયાત તપાસ માટે સરકારશ્રી તરફથી જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત ફ્રી ઓબ્સટ્રેટીક ગાયાનેક સેવાઓ મળી રહે અને માતામરણ અને બાળમરણ અટકાવવાના હેતુથી સગર્ભાવસ્થા અંતર્ગત સોનોગ્રાફી તપાસ જરૂરીયાત હોય જેથી અમરેલી શહેરના સર ધરાવતા ખાનગી માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ રેડિયોલોજીસ્ટ તથા ગાયનેકોલોજીસ્ટ તાલુકા હેલ્થ કચેરી અમરેલીમાં જાહેર ખબર પ્રસિધ્ધ થયાનાં દિન-૭ માં બંધ કવરમાં રજીસ્ટર એ.ડી. થી પોતાના એક સોનોગ્રાફીનાં ભાવ નીચે જણાવેલ સરનામાં પર પોસ્ટથી પહોંચતા કરવાના રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ભાવો ધ્યાને લેવામાં આવશે નહી.

**જાહેર ખબર મોકલવાનું સરનામું :-**
તાલુકા હેલ્થ ઓફિસર, તાલુકા હેલ્થ
કચેરી અમરેલી સિવિલ હોસ્પિટલ
કેમ્પસની પાછળ, તા.જી.અમરેલી
૩૬૫૬૦૧

સહી,
તાલુકા હેલ્થ ઓફિસર-અમરેલી

# નરેન્દ્ર મોદી લાંબો કાર્યકાળ ધરાવતા પ્રધાનમંત્રી બનતા રાષ્ટ્રપતિ સહિતના નેતાઓએ અભિનંદન પાઠવ્યા

નવી દિલ્હી,તા.૧૦




વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ૧૨ વર્ષ (૪,૩૯૯ દિવસ) સુધી પ્રધાનમંત્રી તરીકે સેવા આપીને પંડિત નેહરુને પાછળ છોડી સૌથી લાંબો કાર્યકાળ ધરાવતા ભારતના વડાપ્રધાન બન્યા છે. આ ઐતિહાસિક સિદ્ધિ બદલ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ અને કેન્દ્રીય મંત્રીઓએ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. રાષ્ટ્રપતિએ આ ઉપલબ્ધિને દેશના લોકોના અતૂટ વિશ્વાસનો પુરાવો ગણાવી છે.

આ અવસરે જેપી નડ્ડા, ધર્મેન્દ્ર પ્રધાન અને શિવરાજ સિંહ ચૌહાણે વિવિધ મંદિરોમાં પીએમ મોદીના સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, મોદીજીના નેતૃત્વમાં કલમ ૩૭૦ નાબૂદી, રામ મંદિર નિર્માણ અને નવી શિક્ષણ નીતિ જેવા દૂરગામી નિર્ણયો લેવાયા છે. છેલ્લા ૧૨ વર્ષોમાં સરહદો સુરક્ષિત થઈ છે અને ભારતે આર્થિક તેમજ વૈશ્વિક મંચ પર આત્મવિશ્વાસ સાથે નવી ઓળખ ઊભી કરી છે.

# ચંદ્રપુરની વર્ધા નદીમાં નહાવા ગયેલા પાંચ મિત્રોના ડૂબી જવાથી મોતથી અરેરાટી

ચંદ્રપુર,તા.૧૦



ચંદ્રપુર જિલ્લાના ઘુઘુસ વિસ્તારમાં એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં વર્ધા નદીમાં નહાવા ગયેલા ૧૮ થી ૨૦ વર્ષની વયના પાંચ મિત્રો ઊંડા પાણીમાં ડૂબી ગયા છે.

નદી કિનારે પહોંચીને યુવાનોએ પોતાના મોબાઈલથી એક સેલ્ફી લીધી હતી, જે તેમની છેલ્લી તસવીર સાબિત થઈ. સોમવારે બપોરે ઘરેથી નીકળેલા યુવાનો મોડી રાત સુધી પરત ન ફરતા પરિવારે શોધખોળ શરૂ કરી હતી.

નદી કિનારેથી યુવાનોના કપડાં, ચંપલ અને મોબાઈલ મળી આવતા પોલીસને જાણ કરવામાં આવી હતી. ચંદ્રપુર પોલીસ બચાવ ટીમે રાત્રે અને મંગળવારે સવારે બોટની મદદથી સતત ૧૫ કલાક સુધી સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આખરે નદીમાંથી તન્મય, સમ્યક, નકુલ, સન્ની અને રોહિત નામના પાંચેય મિત્રોના મૃતદેહ મળી આવ્યા હતા. નદીની ઊંડાઈનો અંદાજ ન આવવાને કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# તૃણમુલ કોંગ્રસના સાંસદ સુસ્મિતા દેવનું રાજીનામું, ભાજપમાં જોડાવાની અટકળો

નવી દિલ્હી, તા.૧૦



તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના રાજ્યસભા સાંસદ સુસ્મિતા દેવે બુધવારે પક્ષ અને ઉપલા ગૃહમાંથી રાજીનામું આપતાં રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

રાજીનામા બાદ તેમણે આસામના સીએમ હિમંત બિસ્વા શર્મા સાથે મુલાકાત કરી હતી, જેથી તેઓ ભાજપમાં જોડાય તેવી પ્રબળ શક્યતા છે. કાકોલી ઘોષ દસ્તીદારના નેતૃત્વ હેઠળ ટીએમસીના અંદાજે ૨૦ બળવાખોર સાંસદો એનડીએના સંપર્કમાં હોવાના દાવા વચ્ચે ટીએમસીમાં કટોકટી વધુ ઘેરી બની છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાના વળતર મુદ્દે એર ઇન્ડિયા પીડિત પરિવારોને દબાવી રહી છે : રાધિકા રૂપાણી

અમદાવાદ,તા.૧૦



અમદાવાદ વિમાન દુર્ઘટના (AI-171) ની પ્રથમ વર્ષગાંઠ પૂર્વે નવો વિવાદ સર્જાયો છે. આ અકસ્માતમાં જાન ગુમાવનારા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની પુત્રી રાધિકા રૂપાણીએ એર ઈન્ડિયા પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે જણાવ્યું કે, એરલાઈન પીડિત પરિવારોને વળતર આપવાના બદલામાં ભવિષ્યમાં કોઈ પણ કાનૂની કાર્યવાહી ન કરવા દબાણ કરી રહી છે, જે અન્યાયી છે. હજુ સુધી અકસ્માત પાછળની સુરક્ષા ખામીઓનું સત્ય કે AAIB નો તપાસ અહેવાલ જાહેર કરાયો નથી.

બીજી તરફ, એર ઈન્ડિયાએ આ આરોપોને નકારી કાઢતાં સ્પષ્ટતા કરી છે કે તે માત્ર ભવિષ્યના કાનૂની વિવાદોથી બચવા અંતિમ સમાધાન કરી રહી છે. એરલાઈનના જણાવ્યા મુજબ, ૯૬% પરિવારોને વચગાળાનું વળતર ચૂકવાયું છે અને મુસાફરોના કિંમતી સામાન તેમજ ડિજિટલ ઉપકરણો પરત કરવાની પ્રક્રિયા ચાલુ છે. ટાટા ગ્રૂપના વડાઓએ પણ મોટાભાગના પરિવારોની મુલાકાત લઈ સાંત્વના પાઠવી છે.

# જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવા ઓમર અબ્દુલ્લાએ 'ઇન્ડિયા' ગઠબંધનના દ્વારે

જમ્મુ,તા.૧૦

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ નવી દિલ્હીમાં યોજાયેલી 'ઈન્ડિયા' ગઠબંધનની બેઠકમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે નેશનલ કોન્ફરન્સ દ્વારા જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવા માટે યોજાનારા પ્રદર્શનોમાં વિરોધ પક્ષોના નેતાઓનો સમર્થન માંગ્યું છે. તેમણે તમામ નેતાઓને દિલ્હી ખાતે આ આંદોલનમાં જોડાવા અપીલ કરી છે. નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યો આગામી ચોમાસુ સત્રના પ્રથમ દિવસે નવી દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરશે, જેમાં કેન્દ્રશાસિત પ્રદેશને તાત્કાલિક રાજ્યનો દરજ્જો અને બંધારણીય ગેરંટી આપવાની માંગ કરાશે. નોંધનીય છે કે ઓગસ્ટ ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કરીને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ એમ બે કેન્દ્રશાસિત પ્રદેશો બનાવવામાં આવ્યા હતા.

# NIA દ્વારા પંજાબ અને હરિયાણામાં દરોડામાં આતંકવાદી-ગેંગસ્ટર સાંઠગાંઠનો પર્દાફાશ

ચંડીગઢ,તા.૧૦

કેન્દ્રીય તપાસ એજન્સી (NIA) દ્વારા મંગળવારે પંજાબ અને હરિયાણાના વિવિધ સ્થળોએ મોટા પાયે દરોડા પાડવામાં આવ્યા હતા. આતંકવાદીઓ અને ગેંગસ્ટર્સ વચ્ચેની ખતરનાક સાંઠગાંઠને તોડી પાડવા માટે આ આકરી કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન નવ જિલ્લાના આશરે ૧૮ જેટલા સ્થળોએ સઘન સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. આ સમગ્ર દરોડા પાકિસ્તાનના કુખ્યાત ડોન શહઝાદ ભટ્ટી સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું છે, જેની સામે એજન્સીએ તપાસ તેજ કરી દીધી છે. કોઈ મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવામાં આવે તે પહેલાં જ સાવચેતીના ભાગરૂપે આ પગલાં લેવાયાં છે, જેમાં અનેક ડિજિટલ ડિવાઈસ અને વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરાયા છે.ગંભીર બાબત એ છે કે ગેંગસ્ટરમાંથી આતંકવાદી બનેલો શહઝાદ ભટ્ટી સરહદ પારથી મોટું નેટવર્ક ચલાવી રહ્યો છે. તેણે પંજાબ અને હરિયાણામાં અનેક હુમલા કરાવ્યા છે, જેમાં ૨૦૨૬માં સિરસાના મહિલા પોલીસ સ્ટેશન પર બ્લાસ્ટ, ઈન્ફ્લૂએંસર રોજર સંધૂના ઘર પર ગ્રેનેડ હુમલો અને અંબાલાના બલદેવનગર પોલીસ સ્ટેશન પર થયેલા હુમલાનો સમાવેશ થાય છે. આ સિવાય શહઝાદ ઓનલાઈન ગેમિંગ એપ્લિકેશન દ્વારા ભારતના યુવાનોમાં ઝેર ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. તાજેતરમાં પકડાયેલા ત્રણ સગીરોએ ખુલાસો કર્યો છે કે ગેમિંગ એપ દ્વારા પહેલા યુવાનોનો સંપર્ક કરવામાં આવે છે, ત્યારબાદ પાકિસ્તાનમાં બેઠેલા આકાઓ સાથે વાત કરાવીને તેમનું બ્રેઈનવોશ કરવામાં આવે છે અને છેલ્લે તેમને પોતાની આતંકી ગેંગમાં સામેલ કરી લેવામાં આવે છે.

# કાનપુરથી યુકે સુધી ફેલાયેલું નકલી ડિગ્રીનું આંતરરાષ્ટ્રીય રેકેટ ઝડપાયું : ૧૦ની ધરપકડ

કાનપુર,તા.૧૦



ઉત્તર પ્રદેશની કાનપુર પોલીસે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને દેશ-વિદેશની પ્રખ્યાત યુનિવર્સિટીઓની નકલી ડિગ્રી અને માર્કશીટ બનાવતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસ, સાયબર સેલ અને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે સંયુક્ત દરોડો પાડીને ગેંગના માસ્ટરમાઈન્ડ ઝિયાઉલ હસન ઉર્ફે સમીર સહિત ૧૦ લોકોની ધરપકડ કરી છે.

ગ્રાફિક્સ ડિઝાઈનિંગનો નિષ્ણાત એવો ૩૨ વર્ષીય ઝિયાઉલ હસન લંડનના મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને છેલ્લા ૧૩ વર્ષથી ભારત, સાઉદી અરેબિયા, કેનેડા અને યુકેમાં આ નેટવર્ક ચલાવતો હતો. તે યુકેમાં કાયમી સ્થાયી થાય તે પહેલા જ પોલીસે તેને ઝડપી લીધો હતો. આ ગેંગ નકલી દસ્તાવેજો થકી કરોડો રૂપિયા કમાતી હતી. પોલીસે આરોપીઓ પાસેથી પીએચડી સહિતની ૬૨ નકલી માર્કશીટો, ડિગ્રીઓ, માઈગ્રેશન સર્ટિફિકેટ તેમજ પ્રિન્ટિંગ પ્રેસના અતિ આધુનિક કમ્પ્યુટર્સ, લેપટોપ અને કલર પ્રિન્ટર્સ જેવા સાધનો જપ્ત કર્યા છે.

# દિલ્હીમાં ૨૫ વર્ષમાં પહેલીવાર ૧૨૦ કિમીની ઝડપે પવન ફૂંકાતા તબાહી મચી

નવી દિલ્હી,તા.૧૦



દિલ્હી-એનસીઆરમાં અચાનક બદલાયેલા હવામાને ભારે તબાહી મચાવી છે. પાલમ હવામાન મથકે ૨૦૦૧ પછી પહેલીવાર ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભયંકર પવન ફૂંકાયો હતો. ધૂળના વાવાઝોડા અને વરસાદને કારણે દૃશ્યતા શૂન્ય થઈ ગઈ હતી અને દિલ્હી એરપોર્ટ પર ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી હતી. હરિયાણામાં પતરાની શીટ વાગવાથી એક વિદ્યાર્થીનું મોત નીપજ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન અને રાજસ્થાન પર સર્જાયેલા ચક્રવાતી પરિભ્રમણને કારણે આ સ્થિતિ સર્જાઈ હતી. જોકે, ઉત્તર ભારતમાં પ્રી-મોન્સૂન પ્રવૃત્તિઓ તેજ થતાં તાપમાનમાં ૭ થી ૮ ડિગ્રીનો ઘટાડો થશે, જેનાથી લોકોને ભીષણ ગરમીમાંથી રાહત મળશે.


# શહાદત જયંતીની ઉજવણી માટે ૫૪૧ શીખ શ્રધ્ધાળુઓનું જૂથ પાકિસ્તાન રવાના

અમૃતસર,તા.૧૦

પાંચમા ગુરુ શ્રી ગુરુ અર્જન દેવજીના શહીદી દિવસ (શહાદત જયંતી)ની ઉજવણી માટે શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (SGPC) ના નેતૃત્વમાં ૫૪૧ શીખ શ્રધ્ધાળુઓનું જૂથ પાકિસ્તાન જવા રવાના થયું છે. આ જૂથ ૧૮ જૂને લાહોરના ગુરુદ્વારા દેહરા સાહિબ ખાતે મુખ્ય શહીદી સમારોહમાં ભાગ લેશે. પાકિસ્તાન પ્રવાસ દરમિયાન આ શ્રધ્ધાળુઓ ગુરુદ્વારા શ્રી નનકાના સાહિબ, શ્રી પંજા સાહિબ અને કરતારપુર સાહિબ સહિતના પવિત્ર ગુરુદ્વારાઓના દર્શન કરશે. જૂથના નેતાઓએ બંને દેશોની સરકારોને અપીલ કરી છે કે શીખ સમુદાયની આસ્થાને ધ્યાનમાં રાખીને દર વર્ષે આ યાત્રાને મંજૂરી આપવામાં આવે. આ જૂથ ૧૯ જૂને ભારત પરત ફરશે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની બંગાળ બાદ હવે 'મિશન પંજાબ' પર નજર

નવી દિલ્હી,તા.૧૦



પશ્ચિમ બંગાળ બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હવે 'મિશન પંજાબ' પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આ માટે તેઓ પંજાબ ભાજપના નેતાઓની એક મોટી બેઠક યોજવાના છે. ભાજપે આ વખતે શિરોમણી અકાલી દળ સાથે ગઠબંધન કર્યા વિના રાજ્યની તમામ ૧૧૭ વિધાનસભા બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે.

પાર્ટી ગ્રામીણ વિસ્તારો અને ખેડૂતો સુધી પહોંચવા 'પન્ના પ્રમુખ' ઝુંબેશ ચલાવી રહી છે. લોકસભા ચૂંટણીમાં ૧૮.૫૬ ટકા મત મેળવ્યા બાદ ભાજપ ૨૩ બેઠકો પર આગળ હતું, જેનાથી પક્ષનો ઉત્સાહ વધ્યો છે. નારાજ નેતાઓને મનાવવાના પ્રયાસો પણ ચાલુ છે. જોકે, ભાજપ મુખ્યમંત્રી પદનો કોઈ ચહેરો જાહેર કર્યા વિના જ મેદાનમાં ઉતરશે.

# ભગવાન રામ પરના નિવેદન બદલ કોર્ટે તરફથી રાહુલ ગાંધીને ઝટકો

વારાણસી,તા.૧૦

અમેરિકાના બોસ્ટનમાં ભગવાન રામને પૌરાણિક વ્યક્તિત્વ ગણાવવા બદલ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામે વારાણસીની એમપી-એમએલએ કોર્ટે નીચલી કોર્ટનો આદેશ રદ કરી કેસની ફરીથી સુનાવણી કરવાનો આદેશ આપ્યો છે. અગાઉ એસીજેએમ કોર્ટે કેન્દ્રની પરવાનગીના અભાવે આ કેસ ફગાવ્યો હતો. જોકે, રિવિઝન કોર્ટે સ્પષ્ટ કર્યું કે રાહુલ ગાંધી સાંસદ છે, જાહેર સેવક (પબ્લિક સર્વન્ટ) નથી, તેથી કેસ ચલાવવા કેન્દ્રની મંજૂરી જરૂરી નથી. આ નિવેદન બદલ ભાજપે હિન્દુ માન્યતાઓના અપમાનનો આરોપ લગાવ્યો હતો.


Bandhan Bank | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોનઃ ૨૬૪૨૧૬૭૧-૭૫

**બાકીદારો માટે માંગણાની નોટિસ**

નીચે જણાવેલ ખાતું એન.પી.એ. માં પરિવર્તિત થયેલ છે અને બંધન બેંક દ્વારા સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ (ધ એક્ટ), ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ નીચે જણાવેલ કર્જદારોને ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવેલ હતી જે પરત ફરી છે. આથી આપ તમામને અને જાહેર જનતાને મોટા પ્રમાણમાં આ પ્રકાશન દ્વારા નોટિસ જારી કરવામાં આવે છે.

| લોન લેનારનું નામ, ગેરન્ટર અને લોન ખાતા નં. | મોર્ગેજ કરેલ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસ ની તારીખ/NPA તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખે બાકી રહેતી રકમ (રૂ.માં) | નોટિસ લગાવ્યાની તારીખ |
| --- | --- | --- | --- | --- |
| સુરેશભાઈ ધીરુભાઈ પટેલ<br>શ્રીમતી કાંતાબેન સુરેશભાઈ પટેલ<br>ભરતભાઈ મોરારભાઈ પટેલ (જામીનદાર)<br>૨૦૦૦૨૧૬૦૦૦૦૪૧૯ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે પ્લોટ નં. ૩૨, સિટી સર્વે નં. ૩૦૨૬/ડી/૩૨ પૈકી, ૪૧.૮૨ ચોરસ મીટર વિસ્તારનું માપન, બિલ્ટ અપ એરિયા ૪૫૦.૦૦ ચો.ફૂટ, રેવન્યુ સર્વે નં. ૨૨૯ પૈકી ૨ પૈકી ૧, બ્લોક નં. ૩૦૧,ત્રીજો માળ, સુભમ એપાર્ટમેન્ટ, શહેરઃ રાજુલા, તાલુકોઃ રાજુલા, જિલ્લોઃ અમરેલી, ગુજરાત સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ ૬.૦૦ મીટર પહોળો રસ્તો, પૂર્વઃ એપાર્ટમેન્ટનો મુખ્ય દરવાજો અને ૬ મીટર અને ૭.૫૦ મીટર પહોળો રસ્તો, પશ્ચિમઃ બ્લોક નં. ૩૦૨, દક્ષિણઃ ૭.૦૦ ફૂટ ત્રીજા માળનો કોમન પેસેજ. | એપ્રિલ ૨૨, ૨૦૨૬/ એપ્રિલ ૦૫, ૨૦૨૬ | રૂ. ૧,૮૯,૨૭૪.૨૫ (એપ્રિલ ૦૮, ૨૦૨૬ મુજબ) | જૂન ૦૮, ૨૦૨૬ |

આ નોટિસ દ્વારા બેંક તમને પુનઃ ચૂકવણી કરવાની માંગણી કરે છે જે પુનઃ ચૂકવણી તમારા નામે રહેલી બાકી રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક સહિત આ નોટિસની તારીખથી ૬૦ દિવસમાં ભરવાની રહેશે, જેમાં તમે નિષ્ફળ રહેશો તો બેંક સરફેસી (SARFAESI) કાયદાની કલમ ૧૩(૪) અન્વયે ઉલ્લેખિત કોઈ અથવા તમામ પ્રકારનાં પગલાં આગળના સમયમાં લઈ શકે છે. સિક્યોર્ડ એસેટને રીડીમ કરવા/પરત મેળવવા ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ કર્જદાર/મોર્ગેજ મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

સ્થળઃ રાજુલા
તારીખઃ જૂન ૧૧, ૨૦૨૬

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ


# દુબઈમાં મિનિબસ અને ટ્રક વચ્ચે ભયાનક અકસ્માતમાં ભારતીયો સહિત ૭ના મોત

દુબઈ,તા.૧૦



દુબઈના અમીરાત રોડ પર એક મિનિબસ અને ટ્રક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં સાત લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે નવ લોકો ઘાયલ થયા છે. અહેવાલો અનુસાર, આ મિનિબસમાં મોટાભાગે ભારતીય શ્રમિકો સવાર હતા. દુબઈ સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસે (કોન્સ્યુલેટ) આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને ઘાયલોની વહારે પહોંચીને સ્થાનિક સત્તાવાળાઓ સાથે સંકલન સાધ્યું છે.

દુબઈ પોલીસના ટ્રાફિક વિભાગના જણાવ્યા અનુસાર, ટેકનિકલ ખામીને કારણે એક ટ્રક હાઈવેની વચ્ચે ઉભી રહી ગઈ હતી. મિનિબસનો ડ્રાઈવર યોગ્ય અંતર જાળવવામાં નિષ્ફળ રહેતા બસ પાછળથી ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ભારતીય દૂતાવાસના અધિકારીઓએ હોસ્પિટલની મુલાકાત લઈને ઘાયલ ભારતીય નાગરિકોને તમામ સંભવિત મદદની ખાતરી આપી છે.

# અમદાવાદ-ગાંધીનગરની સરકારી કચેરીઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ

અમદાવાદ,તા.૧૦

ગુજરાતના બે મુખ્ય શહેરો, અમદાવાદ અને ગાંધીનગરમાં અલગ-અલગ ઈ-મેઈલ મારફતે બોમ્બ બ્લાસ્ટની ધમકી મળતા સમગ્ર પોલીસ તંત્ર અને સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી ગઈ છે. અજાણ્યા શખ્સો દ્વારા મોકલાયેલા આ ઈ-મેઈલમાં ૧૦ જૂનથી ૩૦ સપ્ટેમ્બર સુધીના સમયગાળા દરમિયાન શ્રેણીબધ્ધ બ્લાસ્ટ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.



આ ધમકીઓમાં ચોક્કસ સમયનો ઉલ્લેખ કરાયો છે, જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ઓફિસ માટે બપોરે ૩:૧૧ વાગ્યે, આરએસએસ (RSS) કચેરી માટે સાંજે ૫:૧૧ વાગ્યે અને ગાંધીનગર સ્થિત મુખ્યમંત્રી કાર્યાલય (CMO) માટે રાત્રે ૧૧:૧૧ વાગ્યે બ્લાસ્ટ કરવાનો દાવો કરાયો છે.

ધમકી મળતા જ દાણાપીઠ સ્થિત મનપાની મુખ્ય બિલ્ડિંગને ખાલી કરાવીને પોલીસ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ સંવેદનશીલ ઘટનાને પગલે બંને શહેરોમાં સુરક્ષા વ્યવસ્થા સખત કરી દેવાઈ છે, અને સાયબર ક્રાઈમની ટીમ ઈ-મેઈલના સ્ત્રોતને શોધવા માટે ટેકનિકલ તપાસ ચલાવી રહી છે.

# રાજ્યમાં ચોમાસા પહેલાં પીવાના પાણીની અછત, ૭ જિલ્લાના ૧૨૩ ગામો હાલ ટેન્કર પર નિર્ભર

ગાંધીનગર,તા.૧૦

ગુજરાતમાં ઉનાળાના આકરા તાપ અને ઘટતા ભૂગર્ભ જળસ્તરને કારણે પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. રાજ્યના ૭ જિલ્લાઓના ૧૨૩ ગામોમાં પીવાનું પાણી પૂરું પાડવા માટે વહીવટી તંત્ર દ્વારા ૯૬ ટેન્કરો (૭ સરકારી અને ૮૯ ખાનગી) કાર્યરત કરવામાં આવ્યા છે, જેઓએ બે દિવસમાં ૩૬૯ ફેરા લગાવ્યા છે. પાણીની સૌથી વધુ વિકટ સ્થિતિ બનાસકાંઠાના અમીરગઢ અને દાંતા તાલુકામાં છે. આ ઉપરાંત કચ્છ, રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને ભાવનગર જેવા વિસ્તારો પણ પ્રભાવિત છે.



કચ્છના જળાશયોમાં પાણીનો જથ્થો ૩૦ ટકાથી ઓછો બચ્યો છે. સરદાર સરોવર ડેમમાં પણ જળસ્તર ઘટ્યું છે, જોકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સિંચાઈ માટે પાણી છોડવાનો નિર્ણય કર્યો છે. તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત મોનિટરિંગ રાખવામાં આવી રહ્યું છે અને લોકોને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરાઈ છે.

# પ્રધાનમંત્રી મોદીને ૧૨ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરવા બદલ સીએમ ભૂપેન્દ્ર પટેલએ અભિનંદન પાઠવ્યા

અમદાવાદ,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સળંગ ૧૨ વર્ષ સુધી પીએમ પદે રહીને સ્વ. જવાહરલાલ નેહરુના સૌથી વધુ સમય સુધી ચૂંટાયેલા પીએમ રહેવાના રેકોર્ડને વટાવ્યો છે. આ ઐતિહાસિક ક્ષણે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમને અભિનંદન પાઠવ્યા હતા. સીએમએ જણાવ્યું કે, પીએમ મોદીના નેતૃત્વમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે અને ભારત વિશ્વની




ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ બન્યું છે. ડબલ એન્જિન સરકારના કારણે નર્મદા યોજનાના ગેટ મૂકવાની મંજૂરી સહિત ગુજરાતને અનેક ઐતિહાસિક ભેટ મળી છે.

# ભરૂચના વ્હોરાવાડ વિસ્તારમાં ધોળા દિવસે માતા-પુત્રીની હત્યાથી ચકચાર

ભરૂચ,તા.૧૦

ભરૂચના વ્હોરવાડ વિસ્તારમાં એક હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. જૈનુલભાઈ જનોરવાલા તેમના વેવાઈ અબ્દુલ હુસેન અને વેવાણ સેહેનાઝબેનને મળવા ગયા હતા, ત્યારે અજાણ્યા હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયારોથી તેમના પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા



સેહેનાઝબેનનું હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું, જ્યારે જૈનુલભાઈની હાલત અત્યંત નાજુક છે. આ ઘટના બાદ, સેહેનાઝબેનની પુત્રી અલીફિયા ફોન ન ઉપાડતા તપાસ કરતા, તેમની લાશ પણ કોઠી રોડ સ્થિત ઘરેથી મળી આવી હતી. હુમલાખોરોએ આયોજનબધ્ધ રીતે માતા અને પુત્રી બંનેની હત્યા કરી છે. ભરૂચ પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી, હત્યારાઓને પકડવા અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.

# અમદાવાદમાં ૧૨૦થી વધુ ઝૂંપડાં બળીને ખાખ, કોઈ જાનહાનિ નહી

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ શહેરના ગ્યાસપુર મેટ્રો સ્ટેશન નજીક કેનાલ કિનારે આવેલી ઝૂંપડપટ્ટીમાં બપોરે અચાનક આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

વિસ્તારમાં ૨૦૦થી વધુ ઝૂંપડાં આવેલા છે, જેમાંથી અંદાજે ૧૨૦થી ૧૫૦ જેટલાં ઝૂંપડાં આગની ઝપેટમાં આવી બળીને ખાખ થઈ ગયાં હતાં. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ફાયર બ્રિગેડની ૧૬ ગાડીઓ દ્વારા સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. ભારે જહેમત બાદ આગને સંપૂર્ણપણે કાબુમાં લેવામાં આવી હતી. ત્યારબાદ કુલિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સદનસીબે ઘટનાના સમયે મોટાભાગનાં ઝૂંપડાં ખાલી હોવાથી કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

# રાજ્ય સરકારે ખેડૂતો માટે બાજરી, મકાઈ અને જુવારની ખરીદીની મર્યાદામાં વધારો કર્યો

અમદાવાદ,તા.૧૦

ગુજરાત સરકારે ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને બાજરી, મકાઈ અને જુવારની ખરીદી મર્યાદામાં નોંધપાત્ર વધારો કરવાનો નિર્ણય લીધો છે. આજે કિસાન સંઘના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી બેઠક બાદ કૃષિમંત્રીએ આ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. આ નિર્ણયથી રાજ્યના



હજારો ખેડૂતોને તેમની ઉપજના વધુ જથ્થાનું સરકારી ખરીદી કેન્દ્રો પર વેચાણ કરવાની તક મળશે.નવી વ્યવસ્થા મુજબ બાજરીની ખરીદી મર્યાદા અગાઉના ૨,૦૦૦ કિલોથી વધારીને ૩,૫૦૦ કિલો કરવામાં આવી છે, એટલે કે પ્રતિ ખેડૂત ૧,૫૦૦ કિલોનો વધારો થયો છે. મકાઈની ખરીદી મર્યાદા ૧,૫૦૦ કિલોથી વધારીને ૨,૫૦૦ કિલો કરવામાં આવી છે, જેના કારણે ખેડૂતો હવે ૧,૦૦૦ કિલો વધુ મકાઈ વેચી શકશે. ઉપરાંત, જુવારની ખરીદી મર્યાદા પણ ૧,૦૦૦ કિલોથી વધારીને ૧,૭૦૦ કિલો કરવામાં આવી છે, જેમાં ૭૦૦ કિલોનો વધારો થયો છે. રાજ્ય સરકારના આ નિર્ણયને ખેડૂતો માટે રાહતરૂપ અને આવક વધારવામાં સહાયક પગલું માનવામાં આવી રહ્યું છે.

# અમરેલીના ચક્કરગઢ પર દારૂ પી અસામાજીક તત્વોનો આતંક

**લુખાઓએ ગોલાની રેકડીના માલીકની બરણીઓ ફોડી નાખી**

અમરેલી,તા.૧૦

અમરેલી શહેરમાં છેલ્લા ઘણા સમયથી અસામાજિક તત્વોનો આતંક વધવા પામ્યો છે જેમાં બુધવારની મોડી રાત્રે ગોલાની રેકડીના માલિકની કાચની બરણીઓ



વિધર્મીઓએ ફોડી નાખતા લોકોના ટોળા એકત્ર થયા હતા. જાણવા મળતી માહિતી મુજબ અમરેલીના ચક્કરગઢ રોડ પર ક્રિષ્ના આઈસ ડીશ ગોલાની રેકડી પર બે વિધર્મી શખ્સો ગોલો ખાવા આવ્યા હતા. જ્યાં આ શખ્સોએ દારૂના નશામાં છાશ માગતા રેકડી ધારકે આ ગોલાની રેકડી પર છાશ ન હોવાનું જણાવતા બંને શખ્સો ઉશ્કેરાયા હતા અને રેકડીમાં રાખેલી કાચની બરણીઓ ફોડી નાખી હતી. આ ઘટના બાદ લોકોના ટોળા એકત્ર થયા હતા અને પોલીસ ને જાણ કરવામાં. આવી હતી. પોલીસે બંને શખ્સોને પકડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# અમદાવાદમાં માત્ર ૧૦ દિવસમાં હત્યાના ચાર બનાવોથી કાયદો-વ્યવસ્થા પર સવાલો

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ શહેરમાં છેલ્લા ૧૦ દિવસમાં હત્યાના ચારથી વધુ બનાવો સામે આવતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઊભા થયા છે. સોલા અને સરખેજ જેવા વિસ્તારોમાં બનેલી આ ઘટનાઓ પાછળ વ્યક્તિગત અદાવત મુખ્ય કારણ હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું




છે. ધોળા દિવસે થઈ રહેલા આવા ગંભીર ગુનાઓને લીધે શહેરીજનોમાં ભયનો માહોલ છે અને પોલીસ પેટ્રોલિંગ તેમજ તેમની કામગીરી સામે આંગળી ચીંધાઈ રહી છે. ગુનેગારોમાં કાયદાનો ડર ઓછો થતો હોવાની લોકચર્ચા વચ્ચે, શહેરીજનોની સુરક્ષા સુનિશ્ચિત કરવી અને અસામાજિક તત્વોમાં કાયદાનો ભય પેદા કરવો એ પોલીસ તંત્ર માટે મોટો પડકાર બની ગયો છે.

# રાજ્યમાં પાક રક્ષણ માટેની તાર ફેન્સિંગ યોજના માટે નવી માર્ગદર્શિકા જાહેર

ગાંધીનગર,તા.૧૦

ગુજરાત સરકારે રખડતા પશુઓથી પાકના રક્ષણ માટે 'તાર ફેન્સિંગ યોજના'ની નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. હવે યોજનાનો લાભ લેવા માટે અગાઉના બે હેક્ટરના બદલે માત્ર ૧ હેક્ટરનું ક્લસ્ટર જ માન્ય રહેશે, જેથી નાના ખેડૂતોને સરળતા રહેશે. યોજના હેઠળ નવી વાડ બનાવવા માટે રનિંગ મીટર દીઠ રૂ.૩૦૦ અથવા કુલ ખર્ચના ૪૦% (બેમાંથી



જે ઓછું હોય તે) સહાય મળશે. જૂની વાડના રિપેરિંગ માટે સહાય નહીં મળે. તમામ અરજી આઈ-ખેડૂત (i-Khedut) પોર્ટલ પર ઓનલાઈન કરવાની રહેશે.

# અમદાવાદમાં કેનેડાની વર્ક પરમિટના નામે ચાર યુવાનો સાથે રૂ.૯૮.૧૫ લાખની ઠગાઈ

અમદાવાદ,તા.૧૦

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં વિદેશમાં નોકરી અપાવવાના બહાને ચાર યુવાનો સાથે રૂ.૯૮.૧૫ લાખની છેતરપિંડીની ઘટના સામે આવી છે. કેનેડામાં પીઆર (PR) ધરાવતા માસ્ટર માઈન્ડ યશ પટેલે તેના પિતા જયેશ પટેલ અને સસરા પદ્મિન પટેલ સાથે મળીને આ




કૌભાંડ આચર્યું હતું. તેઓએ વિઝા કન્સલ્ટન્ટ અલ્પેશ પટેલને વિશ્વાસમાં લઈ ચાર યુવાનો માટે કેનેડાના નકલી એલએમઆઈએ (LMIA) લેટર આપ્યા હતા. એમ્બેસી સ્તરે તપાસ દરમિયાન આ દસ્તાવેજો ખોટા સાબિત થતાં ચારેય અરજદારોના વિઝા રિજેક્ટ થયા હતા અને ઠગાઈનો પર્દાફાશ થયો હતો. સેટેલાઈટ પોલીસે આ ઠગ ત્રિપુટી વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.





